dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 189 | AD - 2026, Chaitra Vad - 14 | Thursday, Dt. 16-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### છત્તીસગઢના સકિત જિલ્લામાં સર્જાયેલ કરૂણાંતિકામાં કુલ છત્રીસ લોકો ગંભીર રીતે દાઝી ગયા

## વેદાંતા પાવર પ્લાન્ટમાં બોઈલર ફાટતા ૧૯ના મોત

રાયપુર,તા.૧૫

છત્તીસગઢના સકિત જિલ્લામાં આવેલ વેદાંતા પાવર પ્લાન્ટમાં મંગળવારે બપોરે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો જેમાં બોઈલર ફાટવાને કારણે અત્યાર સુધીમાં કુલ ઓગણીસ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે ચાર શ્રમિકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા જ્યારે અન્ય ઈજાગ્રસ્તોએ સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. વિગતવાર માહિતી મુજબ રાયગઢ મેડિકલ કોલેજમાં છ લોકોના રાયગઢની જિલ્લા હોસ્પિટલમાં પાંચ લોકોના અને રાયપુરની કાલડા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા બે લોકોના મોત નિપજતા મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. આ દુર્ઘટનામાં કુલ છત્રીસ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે જેમાંથી અઢાર જેટલા ઘાયલો હજુ પણ જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. હાલમાં મૃતકો પૈકી ઠંડારામ પપ્પુ કુમાર અમૃત લાલ પટેલ અને ઉત્તર પ્રદેશના બ્રિજેશ કુમારની ઓળખ શક્ય બની છે પરંતુ અન્ય મૃતદેહો એટલી ખરાબ રીતે બળી ગયા છે કે તેમની ઓળખ પ્રક્રિયામાં વહીવટી તંત્રને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પ્લાન્ટમાં થયેલા આ વિસ્ફોટ બાદ શ્રમિકોના પરિવારજનોમાં ભારે રોષ અને શોકની લાગણી જોવા મળી રહી છે. મોટી સંખ્યામાં એકઠા થયેલા પરિજનોએ પ્લાન્ટના દરવાજા પાસે



હોબાળો મચાવી મેનેજમેન્ટ વિરુધ્ધ કડક કાર્યવાહી અને યોગ્ય વળતરની માંગણી કરી છે. અનેક પરિવારોનો આક્ષેપ છે કે તેમના સભ્યો હજુ પણ ગુમ છે અને પ્લાન્ટ સત્તાધીશો દ્વારા કોઈ સચોટ માહિતી આપવામાં આવતી નથી. પરિસ્થિતિની ગંભીરતાને જોતા કલેક્ટર અમૃત વિકાસ તોપનોએ તાત્કાલિક અસરથી મેજિસ્ટ્રિયલ તપાસના આદેશ જારી કર્યા છે. વેદાંતા મેનેજમેન્ટે આખરે નમતું જોખીને મૃતકોના પરિવારોને પાંત્રીસ લાખ રૂપિયાની આર્થિક સહાય અને પરિવારના એક સભ્યને નોકરી આપવાની જાહેરાત કરી છે તેમજ ગંભીર રીતે ઈજાગ્રસ્તોને પંદર લાખ રૂપિયા આપવાનું વચન આપ્યું છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા મૃતકોને બે લાખ અને ઘાયલોને પચાસ હજાર રૂપિયાની સહાય જાહેર કરવામાં આવી છે.રાજ્યના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાયે પણ આ ઘટના અંગે ઊંડા દુઃખની અભિવ્યક્તિ કરતા મૃતકોના પરિજનોને પાંચ લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને પચાસ હજાર રૂપિયાની રાજ્ય સરકાર તરફથી સહાય આપવાની જાહેરાત કરી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે આ અકસ્માત માટે જે કોઈ પણ જવાબદાર હશે તેમની સામે કડક કાયદાકીય પગલાં ભરવામાં આવશે. હાલમાં રાયગઢની જિંદલ હોસ્પિટલમાં દસ જેટલા શ્રમિકોની સારવાર ચાલી રહી છે જેમના શરીર પંદર ટકાથી લઈને સો ટકા સુધી દાઝી ગયા હોવાથી તેમની સ્થિતિ અત્યંત નાજુક ગણાવવામાં આવી રહી છે. પ્લાન્ટના સિક્યુરિટી હેડના જણાવ્યા મુજબ અકસ્માતનો ભોગ બનેલા લોકોમાં છત્તીસગઢ ઉપરાંત બિહાર પશ્ચિમ બંગાળ અને ઝારખંડના શ્રમિકોનો પણ સમાવેશ થાય છે. શ્રમ મંત્રી લખનલાલ દેવાંગને પણ આ મામલે શ્રમ કાયદા હેઠળ કડક તપાસ કરી જવાબદારોને સજા અપાવવાની ખાતરી આપી છે.

## એરલાઈન્સની આર્થિક સ્થિતિને ધ્યાને કેન્દ્ર સરકાર રૂા.૪ હજાર કરોડની લોન આપશે

નવી દિલ્હી,તા.૧૫

ભારત સરકાર દ્વારા એરલાઈન ક્ષેત્ર માટે જાહેર કરવામાં આવેલું આર્થિક પેકેજ ઉડ્ડયન ઉદ્યોગ માટે સંજીવની સમાન સાબિત થઈ શકે તેમ છે. ઈરાન અને મધ્ય પૂર્વમાં પ્રવર્તી રહેલી યુધ્ધ જેવી સ્થિતિને કારણે એરલાઈન્સના ઓપરેશનલ ખર્ચમાં મોટો વધારો થયો છે, જેનાથી કંપનીઓની આર્થિક સ્થિતિ કથળી છે. આ કપરા સમયમાં કેન્દ્ર સરકાર અંદાજે ૪ હજાર કરોડ રૂપિયાનું ઈમરજન્સી લોન ગેરંટી પેકેજ લાવી રહી છે. આ યોજના અંતર્ગત દરેક એરલાઈનને ૧ હજાર કરોડ



રૂપિયા સુધીની લોન પર સરકાર ગેરંટી આપશે, જેથી બેંકો વગર કોઈ ખચકાટે ધિરાણ પૂરું પાડી શકે. આ ઉપરાંત વધારાની ૫૦૦ કરોડની લોન પણ ઉપલબ્ધ કરાવાશે, પરંતુ તેમાં એક શરત રાખવામાં આવી છે કે કંપનીના માલિકોએ પણ સમાન રકમનું પોતાનું રોકાણ બતાવવું પડશે. હાલના સમયમાં ઉડ્ડયન ક્ષેત્ર અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે, જેમાં એર ટર્બાઈન ફ્યુલના આસમાને પહોંચતા ભાવ મુખ્ય કારણ છે. મધ્ય પૂર્વમાં અસ્થિરતાને કારણે ઘણી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવી પડી છે અથવા તેમના રૂટ લાંબા કરવા પડ્યા છે, જેનાથી ઓપરેશનલ ખર્ચમાં ભારે ઉછાળો આવ્યો છે. આ યોજનાનો સૌથી મોટો લાભ સ્પાઈસજેટ જેવી કંપનીઓને થશે, જે લાંબા સમયથી રોકડની અછતનો સામનો કરી રહી છે. આર્થિક ભીંસને કારણે કંપનીને કર્મચારીઓના પગાર કરવામાં મુશ્કેલી પડી રહી છે અને અનેક સ્ટાફને પગાર વગર રજા પર ઉતારવાની ફરજ પડી છે. સરકારની આ લોન ગેરંટી યોજના માત્ર નાણાકીય સહાય નથી પરંતુ તે ખાનગી ક્ષેત્રમાં વિશ્વાસ જગાવવાનું કામ પણ કરશે, જોકે અંતિમ નિર્ણય બેંકોની તપાસ બાદ જ લેવામાં આવશે.

## મીડલ-ઈસ્ટના તણાવ પર મોદી-ટ્રમ્પ વચ્ચે ૪૦ મિનિટ સુધી ટેલીફોનિક ચર્ચા

નવી દિલ્હી,તા.૧૫

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી તાજેતરની ટેલિફોનિક વાતચીત બંને દેશોના ગાઢ સંબંધોને ફરી એકવાર ઉજાગર કરે છે. ૧૪ એપ્રિલના રોજ આશરે ૪૦ મિનિટ સુધી ચાલેલી આ લાંબી અને સઘન ચર્ચામાં વૈશ્વિક રાજનીતિ અને દ્વિપક્ષીય હિતોના અનેક પાસાઓ પર વિગતવાર મંથન કરવામાં આવ્યું હતું. આ વાતચીત એવા મહત્વના વળાંક પર થઈ છે જ્યારે વૈશ્વિક સ્તરે ભૌગોલિક અને રાજકીય તણાવ વધી રહ્યો છે. ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટને લઈને સર્જાયેલી સ્થિતિ વચ્ચે બંને નેતાઓની આ મુલાકાત વૈશ્વિક શાંતિ અને આર્થિક સ્થિરતા માટે અત્યંત નિર્ણાયક માનવામાં આવે છે. વડાપ્રધાન મોદીએ



સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ સંવાદની માહિતી આપતા જણાવ્યું કે તેમણે વિવિધ ક્ષેત્રોમાં ચાલી રહેલા સહયોગની સમીક્ષા કરી છે. આ ચર્ચામાં ખાસ કરીને મિડલ ઈસ્ટની વર્તમાન સ્થિતિ અને તેનાથી ઉભા થતા પડકારો પર ઊંડાણપૂર્વક વાત કરવામાં આવી હતી. હોર્મુઝ સ્ટ્રેટને ખુલ્લો અને સુરક્ષિત રાખવો એ માત્ર આ બંને દેશો માટે જ નહીં પણ સમગ્ર વિશ્વના વ્યાપારિક હિતો માટે પણ અનિવાર્ય છે, તે બાબતે બંને નેતાઓએ સંમતિ વ્યક્ત કરી હતી. ટ્રમ્પે અગાઉ હોર્મુઝને બંધ કરવાની જે જાહેરાત કરી હતી વડાપ્રધાન મોદીએ આ તકે ટ્રમ્પને ભારતના લોકો તરફથી મળતા સ્નેહની પણ યાદ અપાવી હતી અને કહ્યું હતું કે 'ભારતના લોકો તમને પ્રેમ કરે છે.' આ વિધાન બંને નેતાઓ વચ્ચેની અંગત મિત્રતા અને બંને લોકશાહી દેશો વચ્ચેના અતૂટ બંધનને વધુ મજબૂત બનાવે છે. બંને નેતાઓ તમામ ક્ષેત્રોમાં પોતાની વ્યાપક વૈશ્વિક વ્યૂહનીતિક ભાગીદારીને વધુ સુદૃઢ બનાવવા માટે કટિબધ્ધ દેખાયા હતા.

### બસ વીજળીના થાંભલા સાથે અથડાઈને પલટી ગઈ

## પંજાબના ફતેહગઢ સાહિબમાં ગમખ્વાર અકસ્માત: ૬ના મોત

ફતેહગઢ,તા.૧૫

પંજાબના ફતેહગઢ સાહિબમાં મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં આનંદપુર સાહિબના વૈશાખી મેળામાંથી પરત ફરી રહેલા શ્રધ્ધાળુઓની બસ પલટી ગઈ હતી. આ હૃદયદ્રાવક ઘટનામાં ૬ શ્રદ્ધાળુઓએ પોતાના જીવ ગુમાવ્યા છે જ્યારે ૧૫ જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોમાં મહિલાઓ અને



માસૂમ બાળકોનો પણ સમાવેશ થાય છે જેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. બસમાં કુલ ૪૦ મુસાફરો સવાર હતા અને આ તમામ લોકો પોતાના ગંતવ્ય સ્થાનથી માત્ર દોઢ કિલોમીટર દૂર હતા ત્યારે જ કાળમુખો અકસ્માત નડ્યો હતો. હિંમતપુરા ગામ પાસે બસમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાતા ચાલકે નિયંત્રણ ગુમાવ્યું હતું જેના પરિણામે બસ વીજળીના થાંભલા સાથે અથડાઈને પલટી ગઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર બસ પલટ્યા બાદ તેમાં વીજ કરંટ પણ ઉતરી આવ્યો હતો જેને કારણે અફરાતફરી વધી ગઈ હતી. સ્થાનિક ગ્રામજનોએ માનવતા દાખવી તુરંત બચાવ કાર્ય શરૂ કર્યું હતું અને ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. પોલીસ અને રાહત દળે ઘટનાસ્થળે પહોંચી ૧૨ ઘાયલોને મોરિન્ડા અને ૯ ને ફતેહગઢ સાહિબ રિફર કર્યા હતા જ્યારે ગંભીર હાલત ધરાવતા દર્દીઓને ચંદીગઢ પીજીઆઈ ખસેડાયા છે. એસએસપી ડો. શુભમ અગ્રવાલે પુષ્ટિ કરી છે કે વહીવટીતંત્ર દ્વારા તમામ જરૂરી મદદ પૂરી પાડવામાં આવી રહી છે અને અકસ્માતગ્રસ્ત બસને ટો કરીને ખસેડી લેવામાં આવી છે.

## બિહારમાં પહેલીવાર ભાજપના મુખ્યમંત્રી તરીકે સમ્રાટ ચૌધરીના શપથગ્રહણ

પટના,તા.૧૫

સમ્રાટ ચૌધરી બિહારના ૨૪મા મુખ્યમંત્રી બન્યા. તેમણે ઈશ્વરના નામે શપથ લીધા. રાજ્યપાલ સૈયદ અતા હસનૈને સવારે ૧૧ વાગ્યે લોકભવનમાં તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ૭૫ વર્ષમાં પહેલીવાર ભાજપને બિહારમાં CM મળ્યા છે. બિહારની નવી સરકારમાં JDU ના વિજય ચૌધરી અને બિજેન્દ્ર યાદવે



પણ શપથ લીધા. બંનેને નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં નીતિશ કુમાર હાજર રહ્યા હતા. બિહારમાં હજુ સુધી મંત્રીમંડળની જાહેરાત કરવામાં આવી નથી. સમ્રાટ ચૌધરીએ સવારે પંચમુખી હનુમાન મંદિરમાં પૂજા કરી હતી. શપથ ગ્રહણ સમારોહ પહેલા તેમની સુરક્ષા વધારી દેવામાં આવી હતી. નીતિશ કુમારે રાજીનામું આપ્યા બાદ સોમવારે સરકારમાં પરિવર્તન આવ્યું. તેઓ હવે રાજ્યસભાના સભ્ય છે. તેમણે ૨૦ વર્ષ સુધી બિહારના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.







## કોંગ્રેસ નેતા પવન ખેરાના આગોતરા જામીન પર સુપ્રિમની વચગાળાની રોક

નવી દિલ્હી,તા.૧૫

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેરા માટે કાનૂની મોરચે મુશ્કેલીઓ વધી રહી છે કારણ કે સુપ્રીમ કોર્ટે તેલંગાણા હાઈકોર્ટના ટ્રાન્ઝિટ આગોતરા જામીન આપતા આદેશ પર વચગાળાની રોક લગાવી દીધી છે. આસામ સરકારની અરજી પર સુનાવણી દરમિયાન અદાલતે આ આકરો નિર્ણય લીધો હતો. સર્વોચ્ચ અદાલતે પવન ખેરાને નોટિસ પાઠવીને ત્રણ સપ્તાહમાં જવાબ માંગ્યો છે અને સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે જો તેઓ આગોતરા



જામીન મેળવવા ઈચ્છતા હોય તો તેમણે આસામની સ્થાનિક અદાલતનો જ સંપર્ક કરવો પડશે. આ નિર્ણયથી ખેરાને મળેલી કામચલાઉ રાહત હવે છીનવાઈ ગઈ છે અને તેમણે આસામમાં કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે.

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરૂવાર, તા.૧૬-૦૪-૨૦૨૬

# અમરેલી જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીમાં આખરી ચિત્ર સ્પષ્ટ

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લા પંચાયતની તમામ ૩૪ બેઠકો પર રસાકસીભર્યો જંગ જોવા મળશે. વહીવટી તંત્ર દ્વારા આ માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. બીજી તરફ જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતોની કુલ ૧૯૦ બેઠકોમાંથી ૧૮૬ બેઠકો પર મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. બે બેઠકો પર બિનહરીફ ઉમેદવારો ચૂંટાઈ આવતા ત્યાં હવે મતદાનની જરૂરિયાત રહી નથી.અમરેલી જિલ્લાની ૬ નગરપાલિકામાં ૧૯૨ બેઠક પર ચૂંટણી યોજાવાની હતી જો કે ચૂંટણી યોજાય તે પહેલા જ ભાજપે ૧૦ બેઠકો બિનહરીફ કબજે કરી છે. જેથી હવે ૬ નગરપાલિકાઓમાં કુલ ૧૮૨ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે. આ આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે ગ્રામીણ વિસ્તારોમાં લોકશાહીનું પર્વ પૂરજોશમાં ઉજવાશે. મતદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે કારણ કે આ બેઠકો સીધી રીતે સ્થાનિક વિકાસ સાથે જોડાયેલી છે.

## અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાંથી ૧૭ ફોર્મ પરત ખેંચાયા

અમરેલી જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ હવે આખરી ચિત્ર સ્પષ્ટ થયુ છે. જિલ્લાની ૬ નગરપાલિકોઓમાં અત્યાસુધીમાં કેટલા ફોર્મ ખેંચ્યા છે. તેની વિગત બહાર આવી છે. અમરેલી નગરપાલિકામાં કોંગ્રેસ ૬, આપ ૪ સહિત ૧૦ ઉમેદવારોએ ફોર્મ ખેંચ્યા છે. સાવરકુંડલા નગરપાલિકામાં, આપ બે સહિત બે ઉમેદવારોએ ફોર્મ ખેંચ્યા છે. બગસરા નગરપાલિકામાં આપના ૪ ઉમેદવારોએ ફોર્મ ખેંચ્યા છે. ધારી નગરપાલિકામાં આપ ૧ ઉમેદવારોએ ફોર્મ ખેંચ્યા છે તો જિલ્લા પંચાયતમાં આપમાંથી બે ફોર્મ સહિત ૪ ફોર્મ પરત ખેંચાયા છે. તો જિલ્લાની તમામ તાલુકા પંચાયતોમાં નજર કરીએ તો લાઠી તાલુકા પંચાયતમાંથી કોંગ્રેસ ૧ સહિત ૨ ફોર્મ પરત ખેંચાયા છે. બાબરા તાલુકા પંચાયતમાંથી અપક્ષ ૧ ફોર્મ પરત ખેંચાયું છે. લીલીયા તાલુકા પંચાયતમાંથી આપ ૧ ફોર્મ પરત ખેંચાયું છે. ધારી તાલુકા પંચાયતમાંથી આપનું ૧ ફોર્મ પરત ખેંચાયુ છે. રાજુલા તાલુકા પંચાયતમાંથી કોંગ્રેસમાંથી ૧ અને આપનું ૧ ફોર્મ પરત ખેંચાયુ છે. સાવરકુંડલા તાલુકા પંચાયતમાંથી આપનું ૧ ફોર્મ પરત ખેંચાયુ છે. જાફરાબાદ તાલુકા પંચાયતમાંથી કોંગ્રેસનું બે સહિત ૪ ફોર્મ પરત ખેંચાયા છે. આમ અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાંથી કુલ ૧૭ ફોર્મ પરત ખેંચાયા છે. જિલ્લા પંચાયતમાંથી ૧૩ અને તાલુકા પંચાયતમાંથી ૧૩ ફોર્મ પરત ખેંચાયા છે.

## અમરેલી જિલ્લામાં ચૂંટણી પહેલા જ ભાજપ ૧૪ બેઠકો પર બિનહરીફ

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વિવિધ તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોનો ચૂંટણી પહેલા જ ભવ્ય વિજય થયો છે. જાફરાબાદ તાલુકા પંચાયતના વઢેરા બેઠક પરથી ફુલબાઈબેન બાંભણિયા, રોહિસા બેઠક પરથી જીતુભાઈ મકવાણા,બાબરકોટ બેઠક પરથી રૂપેશભાઈ સાંખટ અને બાબરા તાલુકા પંચાયતની ચમારડી બેઠક પરથી કરમદીબેન ગેવરીયા બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. આ ઉપરાંત ધારી નગરપાલિકાના વોર્ડ નંબર ૩ માંથી ગીતાબેન ગમારા, રૂપાબેન ચાવડા, જયદેવભાઈ બસિયા અને મનસુખભાઈ ભુવાએ જીત મેળવી છે. દામનગર નગરપાલિકાના વોર્ડ નંબર ૧ અને ૪ માંથી પણ ભરતભાઈ ચૌહાણ, ચાંદનીબેન નારોલા અને રીદ્ધીબેન ગાંધી બિનહરીફ વિજેતા જાહેર થયા છે. જયારે અમરલી નગરપાલિકા વોર્ડ નં.૨માં મીનાબેન શેખવા અને વોર્ડ નં.૮મા પૂનમબેન સાવલીયા તથા વૈશાલીબેન માંગરોળીયાની બિનહરીફ જીત થઈ છે. આ તમામ ૧૪ બેઠકો પર ભાજપના ઉમેદવારોએ બિનહરીફ ચૂંટાઈને પક્ષનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે.

# અમરેલી વોર્ડ નં.૫ના ભાજપ ઉમેદવારો સંજોગ ન્યૂઝની મુલાકાતે

અમરેલી,તા.૧૫



અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામ્યો છે. આ દરમિયાન અમરેલી નગરપાલિકાના વોર્ડ નંબર પાંચના ભારતીય જનતા પાર્ટીના ચારેય ઉમેદવારો હરેશભાઈ કાબરીયા, ચિરાગભાઈ ચાવડા, કોમલબેન રામાણી અને પરીતાબેન ભેસાણીયાએ સંજોગ ન્યૂઝના કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ઉમેદવારોએ આગામી ચૂંટણીમાં પોતાની જીતનો મક્કમ આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે જો મતદારો તેમને સેવા કરવાની તક આપશે, તો તેઓ વિસ્તારના બાકી રહેલા તમામ જનહિતના પ્રશ્નોને અગ્રતા આપીને ઉકેલશે. આ તકે તેમની સાથે સંજયભાઈ રામાણી, સંજયભાઈ ભેસાણીયા, સમીપભાઈ લાખાણી, મનોજભાઈ કાબરીયા અને મયુરભાઈ ખાનપરા સહિતના અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા.

# રાજુલામાં ખિસ્સા કાપતી ગેંગના બે સાગરીત ઝડપાયા

રાજુલા,તા.૧૫



રાજુલા પોલીસ ટીમે બસ સ્ટેશનમાં ભીડનો લાભ લઈ વૃદ્ધ મુસાફરોને નિશાન બનાવતી આંતરજિલ્લા ગેંગના બે સભ્યોને ઝડપી પાડ્યા છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, આ ટોળકી અર્ટિગા ગાડીમાં આવી જે બસમાં વધુ ટ્રાફિક હોય તેમાં પેસેન્જર બની ચડતી અને નજર ચૂકવીને રોકડની ચોરી કરતી હતી. તાજેતરમાં નાગેશ્રી ગામના વૃદ્ધ ખેડૂતના ખિસ્સામાંથી રૂ. ૨૦,૦૦૦ ચોરાયાની ફરિયાદ બાદ પોલીસે સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી સુરેશ કાળુભાઈ પરમાર અને અજય કમાભાઈ સોલંકીને પકડી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીની રોકડ અને ગુનામાં વપરાયેલ રૂ. ૩ લાખની અર્ટિગા ગાડી મળી કુલ રૂ. ૩.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# સાવરકુંડલાના સંગીત શિક્ષક સંજયભાઈ મહેતાએ વાગોળી ૧૯૭૨ની યાદો

સાવરકુંડલા, તા.૧૪



તાજેતરમાં સંગીત સમ્રાજ્ઞી આશા ભોંસલેજીના અવસાનથી કલા જગતમાં ઊંડો શોક વ્યાપ્યો છે. સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલના સંગીત શિક્ષક સંજયભાઈ મહેતાએ આશાજી સાથેની જૂની યાદો તાજી કરી ભાવભીની અંજલિ અર્પી છે. પ્રસિદ્ધ ગાયક સ્વ. પ્રાણલાલ વ્યાસના ભાણેજ સંજયભાઈએ ૧૯૭૨ના ઐતિહાસિક રેકોર્ડિંગની તસવીર શેર કરતા જણાવ્યું કે, મુંબઈના સ્ટુડિયોમાં આશાજી અને પ્રાણલાલ વ્યાસના સંગમની એ ક્ષણો સંગીત ઈતિહાસનો સુવર્ણ કાળ હતી. આશાજીનો પવિત્ર સાદ અને ગુજરાતી ગીતોની મીઠાશ સંગીતપ્રેમીઓના હૈયામાં સદાય જીવંત રહેશે.

# સાવરકુંડલામાં ગેસ વિતરણ વ્યવસ્થામાં તંત્રનો હસ્તક્ષેપ

સાવરકુંડલા, તા.૧૪




સાવરકુંડલાની એરોગેસ એજન્સીમાં છેલ્લા બે માસથી ચાલી રહેલી ગંભીર ગેરવ્યવસ્થાને પગલે આખરે સ્થાનિક વહીવટી તંત્રએ વિતરણ વ્યવસ્થાની કમાન પોતાના હસ્તક લીધી છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં હજારો ગ્રાહકો સિલિન્ડર અને કેવાયસી કામગીરી માટે ભારે હાલાકી ભોગવી રહ્યા હતા. આ મામલે ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને ઉચ્ચ અધિકારીઓની મુલાકાત બાદ આજથી પ્રાંત અધિકારી, મામલતદાર અને પોલીસ કાફલા દ્વારા વ્યવસ્થાનું સંચાલન શરૂ કરાયું છે. પુરવઠા વિભાગના જણાવ્યા અનુસાર હાલ ૩,૦૦૦ જેટલા સિલિન્ડરનું વેઈટિંગ છે, જે રોજના ૫૦૦ સિલિન્ડરના વિતરણ દ્વારા આગામી ત્રણ દિવસમાં સામાન્ય થઈ જશે. વ્યવસ્થા જાળવવા માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. જનતાની માંગ છે કે મેનેજમેન્ટમાં નિષ્ફળ રહેલી આ એજન્સી વિરુદ્ધ કંપની કડક પગલાં ભરે અથવા એજન્સી બદલવામાં આવે જેથી કાયમી ઉકેલ મળી શકે. એજન્સી માલિકની ઉદાસીનતા સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

**એરોગેસ એજન્સીની ગેરવ્યવસ્થા દૂર કરવા વહીવટી તંત્ર મેદાને**

# અમરેલીની ગજેરા ફાર્મસી મહિલા કોલેજ M.Pharm સેમેસ્ટર-૧ ના પરિણામમાં યુનિવર્સિટી ટોપટેનમાં પ્રથમ

અમરેલી,તા.૧૫



શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત સંચાલિત શ્રીમતી સી. વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના M.Pharm સેમેસ્ટર-૧ ના પરિણામોમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. આ કોલેજે સમગ્ર યુનિવર્સિટીના ટોપટેન રેન્કિંગમાં પ્રથમ સ્થાન હાંસલ કરીને સંસ્થાનું નામ રોશન કર્યું છે.પરિણામની વિગતો મુજબ, કાનાણી નેન્સી એમ. ૮.૪૬ SPI સાથે કોલેજમાં પ્રથમ રહી છે. જ્યારે ખીમાણી ક્રિષા એન. ૮.૦૮ SPI સાથે દ્વિતીય અને ત્રિવેદી દેવર્શી કે. ૮.૦૦ SPI સાથે તૃતીય સ્થાને ઉત્તીર્ણ થયા છે. આ ભવ્ય સિદ્ધિ બદલ ગજેરા શૈક્ષણિક સંકુલના મેનેજમેન્ટ, સ્ટાફ અને ટ્રસ્ટના હોદ્દેદારો દ્વારા તમામ તેજસ્વી વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળીના ચેક રિટર્ન કેસમાં આરોપીને છ માસની સજા ફટકારતી કોર્ટ

બગસરા,તા,૧૫



શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લિ.ની બગસરા શાખાના ચેક રિટર્ન કેસમાં બગસરા કોર્ટે મહત્વનો ચુકાદો આપી આરોપીને છ માસની સજા ફટકારી છે. આ કેસની વિગત મુજબ, નટવર નગરના રહેવાસી દીપકભાઈ લવજીભાઈ ધાડિયાએ મંડળીમાંથી રૂ. ૧,૫૦,૦૦૦ની લોન લીધી હતી. જેની ચડત રકમ રૂ. ૨,૦૫,૮૪૩ ભરપાઈ કરવા માટે તેમણે આપેલો ચેક અપૂરતા ફંડના કારણે પરત ફર્યો હતો.મંડળીના મંત્રી જયદીપભાઈ હિરપરા દ્વારા આ અંગે કાયદેસરની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. બગસરા કોર્ટમાં કેસ ચાલતા મંડળી તરફે વકીલ પી. ડી.દાંતી (ગઢવી) અને વિશાલ જે. માળવીની ધારદાર દલીલો ગ્રાહ્ય રાખવામાં આવી હતી. કોર્ટે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ આરોપીને છ માસની જેલની સજા તેમજ ચેકની રકમ ચૂકવવાનો આદેશ કર્યો છે. આ ચુકાદાથી લોન મેળવી નાણાં પરત ન કરનારા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.









### જિલ્લામાં ૬ નગરપાલિકા, એક જિલ્લા પંચાયત અને ૧૧ તાલુકા પંચાયતની ચૂંટણી યોજાવાની છે ત્યારે

# પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અમરેલી જિલ્લાની મુલાકાતે

અમરેલી,તા.૧૫

ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. આ ચૂંટણીલક્ષી તૈયારીઓના ભાગરૂપે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ અમરેલી જિલ્લાની મુલાકાત લઈને ભારતીય જનતા પાર્ટીના પ્રચાર અભિયાનનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. અમરેલી જિલ્લાની ભૌગોલિક અને રાજકીય સ્થિતિને ધ્યાને લેતા અહીં ૬ નગરપાલિકા,૧ જિલ્લા પંચાયત અને ૧૧ તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાવાની છે, જે ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ માનવામાં આવે છે. પ્રદેશ પ્રમુખના આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય કાર્યકર્તાઓમાં નવા જોમ અને ઉત્સાહનો સંચાર કરવાનો તેમજ પાયાના સ્તરે સંગઠનને વધુ મજબૂત બનાવવાનો રહ્યો હતો. દેશ પ્રમુખના પ્રવાસની શરૂઆત વહેલી સવારથી જ શિસ્તબધ્ધ રીતે થઈ હતી. સવારે ૯ વાગ્યે તેઓએ અમરેલી શહેરના ચિતલ રોડ પર સ્થિત શક્તિકેન્દ્ર ઈન્ચાર્જ અમિતભાઈ રાજપરાના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત બાદ હીરામોતી ચોક પાસે આવેલી પટેલ સમાજની વાડી ખાતે અમરેલી શહેરના વોર્ડ નં. ૬ના



મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું રિબન કાપીને ઉદ્‌ઘાટન કર્યું હતું. અહીં ઉપસ્થિત કાર્યકર્તાઓને સંબોધતા તેઓએ જણાવ્યું હતું કે ચૂંટણી જીતવા માટે પેજ સમિતિ અને બુથ લેવલની કામગીરી સૌથી મહત્વની છે. ત્યારબાદ લોર્ડ્સ હોટલ ખાતે સ્થાનિક આગેવાનો સાથે બેઠક યોજીને ચૂંટણીલક્ષી રણનીતિ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સવારે સલડી ગામના માર્ગ પર ગ્રામજનો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, ત્યારબાદ લીલીયા ખાતે આયોજિત વિજય સંકલ્પ સંમેલનમાં જગદીશ વિશ્વકર્માએ હાજરી આપી હતી. અહીં લીલીયા અને ક્રાકચ જિલ્લા પંચાયત બેઠકના મતદારો અને કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ સાધીને સરકારની જનકલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા હાકલ કરી હતી. બપોરે ૧ વાગ્યે લાઠીના કડવા પટેલ સમાજની વાડી ખાતે 'વિકાસ સંકલ્પ સભા' યોજાઈ હતી, જેમાં લાઠી, દામનગર અને બાબરા વિસ્તારના સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. રાજકીય વ્યસ્તતા વચ્ચે પણ તેઓએ બપોરે ૨:૧૫ વાગ્યે સુપ્રસિધ્ધા ભુરખિયા હનુમાનજીના મંદિરે શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. આ સમગ્ર પ્રવાસ દરમિયાન તેમની સાથે મંત્રી કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્યો જનક તળાવિયા, મહેશ કસવાળા, જે.વી. કાકડિયા અને હીરાભાઈ સોલંકી સહિતના દિગ્ગજ નેતાઓ સતત ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદના વડલી ગામે ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ભવ્ય ઉજવણી

જાફરાબાદ,તા.૧૫

જાફરાબાદ તાલુકાના વડલી ગામે આજે ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન ગામના સરવૈયા મિત્ર મંડળ યુવા ગ્રુપ તથા સમસ્ત મેઘવાળ સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના અધ્યક્ષ પી. પી. રાઠોડે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી.



આ પ્રસંગે વક્તા સ્વરાબેન વાણવી, મનાલીબેન અને પ્રોફેસર ડો. પટેલે પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. મંચસ્થ મહેમાનોમાં જેઠાબાપા જોગડીયા, સી. એલ. પરમાર, પી. એસ.આઈ. આર. આર. ગળચર, સરપંચ પ્રતિનિધિ પાંચાભાઈ, તલાટી મંત્રી કલ્પેશ મકવાણા, એડવોકેટ હરેશભાઈ બામણીયા, શિક્ષક ભીખુભાઈ પરમાર, શિક્ષક વાંઝાભાઈ તથા ડો. દાફડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.ઉજવણીના ભાગરૂપે ડી.જે.ના તાલે ગામની શેરીઓમાં ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 'જય ભીમ'ના નારા સાથે સમગ્ર વાતાવરણ ભીમમય બન્યું હતું.

# વાંકિયાના ૬૦ શ્રમિક બાળકોને ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા ટોપી વિતરણ કરાયું

અમરેલી, તા.૧૫

વાંકિયા પ્રાથમિક શાળા ખાતે અભ્યાસ કરતા પરપ્રાંતીય શ્રમિક પરિવારોના ૬૦ બાળકો માટે એક પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા 'વિઝન ફોર વાઈલ્ડ લાઈફ' પ્રોગ્રામ અંતર્ગત આ બાળકોને કાળઝાળ ગરમીમાં શાળાએ અપ-ડાઉન કરતી વખતે તડકાથી રક્ષણ મળે તે હેતુસર ટોપીનું વિતરણ



કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોને નિયમિત શાળાએ આવવા પ્રોત્સાહિત કરવાની સાથે સુરક્ષા અંગે વિશેષ માર્ગદર્શન અપાયું હતું. વાડી વિસ્તાર, નદીકાંઠે કે ઝાડી-ઝાંખરામાં એકલા ન જવા, કૂવા અને કુંડીથી દૂર રહેવા તેમજ સરીસૃપ અને અન્ય જીવજંતુઓથી સાવધ રહી જોખમો ઘટાડવા સમજણ અપાઈ હતી. આ કાર્યક્રમમાં ટોપીના દાતા અને જળ સિંચાઈ વિભાગના નિવૃત્ત ઉપસચિવ રમેશભાઈ પરસોતમભાઈ પેથાણી (અમદાવાદ, મૂળ ગાવડકા)ના ઉમદા સહયોગ બદલ તેમનો આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# અમરેલીમાં જોખમી અને જર્જરિત ઈમારતો ઉતારી લેવા નગરપાલિકાની કડક સુચના

અમરેલી,તા.૧૫

અમરેલી નગરપાલિકા દ્વારા શહેરની હદમાં આવતા તમામ જર્જરિત અને ભયજનક મકાનો તેમજ ઈમારતો ઉતારી લેવા માટે કડક સૂચના જાહેર કરવામાં આવી છે. ચોમાસા પૂર્વે સંભવિત હોનારત અટકાવવા માટે ચીફ ઓફિસર દ્વારા આ જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.નગરપાલિકાની યાદી મુજબ, સરકારી, અર્ધ-સરકારી, ખાનગી કે સ્લમ વિસ્તારના તમામ જર્જરિત ક્વાર્ટર્સ અને મકાનોના માલિકોએ ભયજનક ભાગો તાકીદે ઉતારી લેવાના રહેશે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની જોગવાઈઓ હેઠળ અગાઉ નોટિસો અપાયા બાદ પણ જો કાર્યવાહી નહીં કરાય, તો પાલિકા દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી બાંધકામ દૂર કરવામાં આવશે. તંત્રએ નાગરિકોને આવા જોખમી મકાનોમાં પ્રવેશ ન કરવા અને તેની આસપાસ અવરજવર ટાળવા ચેતવણી આપી છે. કોઈપણ જાનહાનિ ન થાય તે માટે મિલકત ધારકોએ સુરક્ષાના ભાગરૂપે સ્વૈચ્છિક રીતે આ કામગીરી પૂર્ણ કરવા જણાવાયું છે.

# અમરેલી શહેર કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો: વિકાસ માટે ૨૫ મુદ્દાનું જાહેરનામું

અમરેલી,તા.૧૫

આગામી પાંચ વર્ષ માટે કોંગ્રેસ પક્ષ દ્વારા ૫ વર્ષ, ૨૫ સપના સૂત્ર સાથે અમરેલીના સર્વાંગી વિકાસ માટેનો જન વિજય સંકલ્પ' જાહેર કરવામાં આવ્યો છે. અમરવેલીની આવતીકાલ શીર્ષક હેઠળ રજૂ કરાયેલા આ મેનિફેસ્ટોમાં શહેરના સૌંદર્યીકરણથી લઈને પાયાની સુવિધાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે.પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણી ,જેનીબેન




ઠુંમર ,સંદીપભાઈ ધાનાણી અને કોંગ્રેસ પક્ષના ઉમેદવારો સહિતના કોંગ્રેસના આગેવાનોની હાજરીમાં ચૂંટણી ઢંઢેરો જાહેર કરાયો હતો. જેમા મુખ્ય વચનોમાં કામનાથ સરોવર, રોકડીયા તળાવ અને ઠેબી ડેમ સાઈટનું બ્યુટીફિકેશન, આધુનિક ઈ-લાઈબ્રેરીની સ્થાપના અને પ્રદૂષણ મુક્ત ગ્રીન અમરેલીનો સમાવેશ થાય છે. મહિલાઓ માટે સ્પેશિયલ પિંક ટોઈલેટ, પિંક ઓટો પ્રોત્સાહન અને દરેક વોર્ડમાં ફ્રી વાઈફાઈ ઝોન જેવી આધુનિક સવલતોની ખાતરી અપાઈ છે.આ ઉપરાંત, ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ, શ્રમયોગી અન્નપૂર્ણા યોજના અને રખડતા પશુઓના નિયંત્રણ માટે ચોક્કસ આયોજન રજૂ કરાયું છે. પક્ષે રૂ. ૧૦૦નું સોનેરી સોગંદનામું રજૂ કરતા સ્પષ્ટપણે જણાવ્યું છે કે તેઓ 'કાર્યકર બનીને રહેશે, કોન્ટ્રાક્ટર નહીં', જે જનતાની સેવા પ્રત્યેની તેમની કટિબધ્ધતા દર્શાવે છે.






# વડિયા મોટી હવેલી ખાતે શ્રી મહાપ્રભુજીના પ્રાગટ્ય દિવસની ભવ્ય ઉજવણી: ભક્તિનો ત્રિવેણી સંગમ રચાયો

વડિયા, તા.૧૫

સમગ્ર દેશની સાથે અમરેલી જિલ્લાના વડિયામાં પણ વૈષ્ણવ સંપ્રદાય દ્વારા શ્રી મહાપ્રભુજીના પ્રાગટ્ય દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ચૈત્ર વદ અગિયારસના પવિત્ર દિવસે વડિયાના કૃષ્ણપરા સ્થિત 'મોટી હવેલી' ખાતે



વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરાયું હતું. આ અવસરે હવેલીના મેદાનમાં બપોરે ૪:૦૦ વાગ્યાથી ભવ્ય વર્ણાગી, નંદ મહોત્સવ અને રાસ-કીર્તનના કાર્યક્રમો યોજાયા હતા. વડિયા પંથકના અસંખ્ય વૈષ્ણવ ભક્તો આ મહોત્સવમાં ઉમટી પડ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ ભાવિકો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# સાવરકુંડલામાં 'વિશ્વ કલા દિવસ' નિમિત્તે દીકરીઓએ કલાના રંગો રેલાવ્યા

સાવરકુંડલા,તા.૧૫

૧૫મી એપ્રિલ 'વિશ્વ કલા દિવસ' નિમિત્તે સાવરકુંડલામાં કલાત્મક માહોલ જોવા મળ્યો હતો. સ્વામિનારાયણ



ગુરુકુલના નિવૃત્ત ચિત્રકલા નિષ્ણાંત યોગેશભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીનીઓ ડાભી બંસી, ત્રિવેદી ચાર્મિ અને ચૌહાણ કાવ્યાએ આકર્ષક ચિત્રો તૈયાર કર્યા હતા. ૨૦૧૨થી શરૂ થયેલી આ વૈશ્વિક ઉજવણીનો હેતુ કલા પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. આ ઉભરતા કલાકારોએ પોતાની કલ્પનાશક્તિથી તૈયાર કરેલી કૃતિઓને કલાપ્રેમીઓએ બિરદાવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.






### અવસાન નોંધ

**જસદણ**

જસદણ મૂળ ગામ: આંબા, તા. લીલીયા - મોટા, જી.અમરેલી હાલ જસદણ નિવાસી સરોજબેન(ઉ.વ.૬૨) જેઓ દિલેશભાઈ વનરાવનદાસ દેવમુરારી (માજી તલાટી કમ મંત્રી - જસદણ)ના પત્ની તથા જલ્પાબેન , ભૂમિબેન, જયદીપભાઈ તથા ચિરાગભાઈના માતા તેમજ હસમુખભાઈ દેવમુરારી, પ્રવિણભાઇ દેવમુરારીના નાનાભાઈના પત્ની અને નિલેશભાઈ દેવમુરારી, સુરેશભાઈ દેવમુરારીના મોટાભાઈના પત્નીનું તા.૧૩ ના અવસાન થયેલ છે.

**કોડીનાર**

કોડીનાર નિવાસી સોરઠિયા સાસ્વત બ્રાહ્મણ બીપીનભાઇ પ્રભુદાસ જોષી ઉ.વ.૬૯ જે જગદીશ ભાઈ તથા સતીષભાઇ જોષી (ST કર્મચારી) ના મોટાભાઇનુ તારીખ ૧૪/૪/૨૦૨૬ ને મંગળવાર ના રોજ કૈલાસ વાસી થયેલ છે.જેમનુ ઉઠમણુ તારીખ ૧૬/૪/૨૦૨૬ ને ગુરુવારે સવારે ૧૦ કલાકે તેમજ સદગતનુ બેસણુ તેજ દિવસે સાંજે ૪ થી ૬ કલાકે જંગલેશ્વર મંદિર કોડીનાર ખાતે રાખેલ છે.









### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૬૭/૨૦૨૬

અરજદાર :- શ્રી સુરેશભાઈ વલ્લભભાઈ નાકરાણી
રહે.શેડુભાર, તા.જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.શેડુભાર, તા.ધારી, જિ. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં શ્રી સુરેશભાઈ વલ્લભભાઈ નાકરાણી તેઓના પત્ની રસીલાબેન સુરેશભાઈ નાકરાણીની મરણ (તા.૧૮/૦૬/૧૯૯૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# દામનગરમાં હવેલી પાસે પાણીના નિકાલની જર્જરિત જાળીથી લોકોમાં અકસ્માતની ભીતિ

દામનગર,તા.૧૫

દામનગર શહેરમાં જાહેર જનતાની સુરક્ષા સામે જોખમ ઊભું કરતી તંત્રની ઘોર બેદરકારીનો એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે. શહેરના હવેલી અને સરદાર સર્કલ પાસે પાણીના નિકાલની જાળી અત્યંત બિસ્માર હાલતમાં હોવાથી અકસ્માતને ખુલ્લું આમંત્રણ આપી રહી છે.




ભૂરખીયા ચોકડી પાસે ડાયવર્ઝન હોવાથી આ માર્ગ પર હાલ વાહનોની સતત અવરજવર રહે છે, જેને કારણે ગમે ત્યારે મોટી જાનહાનિ સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.સ્થાનિકોનો આક્ષેપ છે કે વિકાસની વાતો કરતા નેતાઓ અને વહીવટી તંત્ર આ ગંભીર સ્થિતિથી વાકેફ હોવા છતાં દુર્લક્ષ સેવી રહ્યા છે. એક તરફ ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે બીજી તરફ જનતાની સલામતી પ્રત્યે તંત્ર બેદરકાર જણાય છે. કોઈ ગંભીર દુર્ઘટના ઘટે તે પહેલાં આ જાળીનું તાકીદે સમારકામ કરવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

# સાવરકુંડલા-લીલીયા તાલુકામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચયના કાર્યનો પ્રારંભ

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલા-લીલીયા તાલુકામાં પાણીના તળ ઊંચા લાવવા અને ખેડૂતોની સમૃદ્ધિ માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં અમરેલી જિલ્લાના ૧૬૦ જેટલા ગામોના વિકાસ માટે એક ઐતિહાસિક જળસંચય



અભિયાન ચાલી રહ્યું છે, જેમાં વિવિધ ગામોના જૂના ચેકડેમોનું રિપેરિંગ અને તેમને ઊંડા ઉતારવાની કામગીરી કરવામાં આવી રહી છે.આ ઉપરાંત, વોકળાઓ પર નાના પાળા બાંધીને વરસાદી પાણીને વહી જતું અટકાવવા માટેના ગંભીર પ્રયાસો થઈ રહ્યા છે, જેના કારણે ગામના સીમ વિસ્તારમાં પીવાના અને સિંચાઈના પાણીની સમસ્યા નોંધપાત્ર રીતે હળવી થશે. ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૯,૦૦૦થી વધુ જળ સ્ટ્રકચરોનું નિર્માણ સંપન્ન કરવામાં આવ્યું છે.

# લાઠી તાલુકાના ચાવંડ ગામની ૨૬ વર્ષીય યુવતી ગુમ થતા પરિવારમાં ચિંતા

**પરિવારે શોધખોળ કરવા છતા પત્તો ન લાગતા પોલીસને જાણ કરવામાં આવી**

લાઠી, તા. ૧૫

ચાવંડ ગામેથી એક યુવતી ગુમ થઈ હોવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ચાવંડ ગામની મુખ્ય બજારમાં રહેતા કિશોરભાઈ બાબુભાઈ હિંગુની ૨૬ વર્ષીય પુત્રી ભૂમિકાબેન ગત રોજ બપોરે આશરે સવા ત્રણ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ હતી.પરિવારે તેની શોધખોળ આદરી હતી, પરંતુ મોડી સાંજ સુધી કોઈ પત્તો ન લાગતા આખરે આ મામલે પોલીસને જાણ કરવામાં આવી હતી. આ બાબતે કોઈને પણ જાણકારી મળે તો નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# જામકા ગામે 'હું તમારા ઓટા ઉપર ક્યાં બેઠો છું?' તેમ કહેતા યુવકને ગાળો આપી

**જાનથી મારી નાખવાની પણ ધમકી આપી**

ખાંભા, તા. ૧૫

ખાંભાના જામકા ગામે "હું તમારા ઓટા ઉપર ક્યાં બેઠો છું?" તેમ કહેતા એક યુવકને ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે સાગરભાઈ ઉર્ફે નાનુ જીકુભાઈ બાંભણીયા (ઉ.વ. ૨૬) એ શાંતિભાઈ વાલજીભાઈ સોંદરવા, વાલજીભાઈ ડાયાભાઈ સોંદરવા, હંસાબેન વાલજીભાઈ સોંદરવા તથા ગૌતમભાઈ પાંચાભાઈ સોંદરવા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, સાગરભાઈ ગામના હિંમતભાઈ મંગાભાઈ ખસિયાની દુકાનના ઓટા ઉપર બેઠા હતા, ત્યારે શાંતિભાઈએ તેમને ત્યાં બેસવાની ના પાડી હતી. સાગરભાઈએ વળતો જવાબ આપતા કહ્યું કે, "હું તમારા ઓટા ઉપર ક્યાં બેઠો છું?" આ વાત શાંતિભાઈને ન ગમતા, તેમણે વગર વાંકે જાહેર રસ્તા પર બીભત્સ ગાળો આપી હતી.આ ઉપરાંત, આરોપીઓએ સાગરભાઈ સાથે ઝપાઝપી કરી મુંઢ ઈજાઓ પહોંચાડી હતી તેમજ તેમને નીચે પછાડી દઈ, શર્ટ ફાડી નાખી આડેધડ ઢીકાપાટુનો માર માર્યો હતો. જતી વખતે આરોપીઓએ યુવકને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામભાઈ હસમુખભાઈ મહેતા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના યુવાનને મળેલ મોબાઈલ પરત કરી પ્રેરણાદાયી કાર્ય કર્યુ

રાજુલા,તા.૧૫



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા નજીક શિયાળબેટના લાલજીભાઈ સવાભાઈ શિયાળ રિક્ષામાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે અચાનક તેમનો કિંમતી મોબાઈલ પડી ગયો હતો. આ મોબાઈલ રાજુલાના જ જાગૃત યુવાન સબીરભાઈ જાવેદભાઈ જોખીયાને મળ્યો હતો. સબીરભાઈએ સહેજ પણ લોભ રાખ્યા વિના મોબાઈલના અસલી માલિકની શોધ શરૂ કરી હતી અને અંતે લાલજીભાઈને શોધી કાઢી તેમનો ફોન સુરક્ષિત રીતે પરત સોંપ્યો હતો. આ સરાહનીય કાર્ય બદલ સ્થાનિક લોકોએ સબીરભાઈને બિરદાવ્યા છે.

# લીલીયા મોટા ખાતે ડો. બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી

લીલીયા,તા.૧૫

લીલીયા મોટાના સ્ટેશન રોડ પર ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતી નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષના નેતાઓએ સાથે મળીને બાબા સાહેબની પ્રતિમાને ફૂલહાર કરી ભાવવંદના કરી હતી. ભાજપમાંથી જીગ્નેશ સાવજ, જયસુખ સુરાણી અને



વિપુલભાઈ દુધાત સહિતના આગેવાનો હાજર રહ્યા હતા, આ તકે, કાર્યકરોએ ઉપસ્થિત રહી મહામાનવના કાર્યોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે ગ્રામજનોએ એકઠા થઈ બંધારણના ઘડવૈયા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી આ દિનને ઉત્સાહભેર ઉજવ્યો હતો.

# અમરેલીમાં પત્ની સાથે બોલાચાલી બાદ પતિએ આપઘાત કરી લેતા ચકચાર

**અમરેલી તાલુકા પોલીસે આપઘાત અંગે ગૂનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી**

અમરેલી,તા.૧૫

અમરેલી પત્ની સાથે થયેલી બોલાચાલી બાદ પતિએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

આ અંગે રાધિકાબેન પરમાર (ઉ.વ. ૨૩) એ વિગતો આપતા જણાવ્યું હતું કે, તેમના અને પતિ કુલદીપભાઈ પરમાર (ઉ.વ. ૨૭) વચ્ચે કોઈ કારણોસર બોલાચાલી થઈ હતી. આ બાબતે સસરાએ કુલદીપભાઈને ઠપકો આપ્યો હતો. પિતાનો ઠપકો માઠું લાગી આવતા કુલદીપભાઈએ પંખા સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. આ મામલે અમરેલી તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલીમાં 'તું અમારી કેમ પંચાત કરે છે' તેમ કહી યુવક પર હુમલો

**જાનથી મારી નાખવાની ધમકી આપી**

અમરેલી, તા. ૧૫

અમરેલીમાં "તું અમારી કેમ પંચાત કરે છે" તેમ કહી એક યુવકને ઢીકાપાટુ વડે માર મારવામાં આવ્યો હતો, તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.આ બનાવ અંગે બળવંતભાઈ ઉર્ફે બળુ કાળુભાઈ રાઠોડ (ઉ.વ. ૩૨) એ જીતેશભાઈ જગાભાઈ પરમાર, જયંતીભાઈ જગાભાઈ પરમાર, ગોવિંદભાઈ પરમાર તથા રઘુભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, જીતેશભાઈ પરમારે બળવંતભાઈને "તું અમારી કેમ પંચાત કરે છે" તેમ કહી ગાળો આપી હતી. ત્યારબાદ, તેમણે જમણા પગની ઘૂંટીના ભાગે બાવળના લાકડાનો ધોકો ફટકાર્યો હતો.આ ઉપરાંત, તમામ આરોપીઓએ ભેગા મળીને યુવકને ઢીકાપાટુનો માર માર્યો હતો અને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ આ મામલે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એસ.બી. સૈયદ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચૌદસ
તા.૧૬-૦૪-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૫:૫૫,
સૂર્યાસ્ત-૦૬:૪૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૧૬-૦૪-૨૦૨૬ ગુરુવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે .

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

# લીલીયામાં જાહેરનામાનો ભંગ કરતી બે મોબાઈલની દુકાનો સામે પોલીસ કાર્યવાહી

લીલીયા, તા. ૧૫

લીલીયા પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન લીલીયા ટાઉનમાં આવેલી બે અલગ-અલગ મોબાઈલની દુકાનોમાં નિયમોનો ભંગ થતો હોવાનું જણાતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.લીલીયાના નાવલી બજાર રોડ પર આવેલી 'મારુતિ મોબાઈલ' નામની દુકાનમાં પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા નવા સીમકાર્ડના વેચાણ અંગે જે કડક માર્ગદર્શિકા અને જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, તેનો દુકાનદાર દ્વારા અમલ કરવામાં આવતો ન હતો. નિયમોના સરેઆમ ઉલ્લંઘન બદલ પોલીસે દુકાનદાર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.બીજા કિસ્સામાં નાવલી બજારમાં જ આવેલી 'મોમાઈ મોબાઈલ' નામની દુકાનનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. જાહેરનામા મુજબ તમામ કોમર્શિયલ સેન્ટરો અને એકમો પર CCTV કેમેરા લગાવવા અને તેનું ઓછામાં ઓછું ૩૦ દિવસનું બેકઅપ રાખવું ફરજિયાત છે. જોકે, તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ દુકાનમાં લગાવેલા CCTV કેમેરા કાર્યરત નહોતા. કેમેરામાં ૩૦ દિવસના ડેટા સ્ટોરેજની ક્ષમતા પણ નહોતી. લીલીયા પોલીસની આ કાર્યવાહીથી સ્થાનિક વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ખાંભાના નાની ધારીમાં મકાન અને વાડીમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ખાંભા, તા. ૧૫

ખાંભા તાલુકાના નાની ધારી ગામે પોલીસે બાતમીના આધારે દરોડો પાડી વિદેશી દારૂના જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે, જ્યારે અન્ય એક શખ્સ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

પોલીસે નાની ધારી ગામે એક મકાનના ફળિયામાં (ફરજામાં) તપાસ કરતા પ્લાસ્ટિકના કોથળામાં સંતાડેલા ૩૬ નંગ વિદેશી દારૂના ચપટા મળી આવ્યા હતા. તપાસ દરમિયાન પોલીસને વધુ એક સફળતા મળી હતી, ભાગમાં રાખેલી વાડીના નેવા નીચેથી પણ અન્ય બ્રાન્ડના ૭૦ નંગ ચપટા મળી આવ્યા હતા. પોલીસે કુલ ૧૦૬ નંગ ચપટા સહિત રૂ.૭,૪૨૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દામનગરમાં રક્તદાન કેમ્પ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિની ઉજવણી

દામનગર,તા.૧૫

દામનગર ખાતે ભારતીય બંધારણના શિલ્પી ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિની પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે "સંવિધાનનું આચરણ જ રાષ્ટ્રની સૌથી મોટી સેવા છે" તેવા સંદેશ સાથે રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. શહેરના ડૉ. આંબેડકર હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમની શરૂઆતમાં પૂર્વ પાલિકા પ્રમુખ



ગોબરભાઈ, કૌશિકભાઈ બોરીચા અને મુકેશભાઈ ચૌહાણ સહિતના અગ્રણીઓએ બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી. આ કેમ્પમાં મોટી સંખ્યામાં યુવાનો અને મહિલાઓએ ઉત્સાહભેર રક્તદાન કરી માનવતા અને રાષ્ટ્રભક્તિનો પરિચય આપ્યો હતો.

# સાવરકુંડલામાં ડો. આંબેડકર જન્મ જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

અમરેલી,તા.૧૪

સમગ્ર દેશમાં બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી ઉત્સાહભેર ઉજવવામાં આવી રહી છે, ત્યારે સાવરકુંડલા શહેરમાં પણ ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આકાશમાંથી વરસી રહેલી કાળઝાળ ગરમી વચ્ચે જ્યારે આ રેલી હાથસણી રોડ પર આવેલા ગાયત્રી પાન



પાસે પહોંચી, ત્યારે સાચા અર્થમાં માનવતાના દર્શન થયા હતા. સાવરકુંડલાના સેવાભાવી પૂર્વ નગરપાલિકા સદસ્ય જીગ્નેશભાઈ ભરાડ, અશોકભાઈ ખુમાણ તથા પ્રકાશભાઈ દ્વારા રેલીમાં જોડાયેલા તમામ લોકો માટે ઠંડા શરબતની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

તંત્રી લેખ

# લઘુત્તમ વેતનનો અમલ જરૂરી

લઘુત્તમ વેતન માત્ર એક આર્થિક આંકડો નથી, પરંતુ શ્રમિકોના મૂળભૂત માનવ અધિકારો અને સામાજિક ન્યાયની ખાતરી આપતું એક સશક્ત સાધન છે. કોઈપણ વિકસિત કે વિકાસશીલ અર્થતંત્રમાં લઘુત્તમ વેતન અત્યંત આવશ્યક છે, કારણ કે તે શ્રમિકોને ગરીબીના ચક્રમાંથી બહાર કાઢવામાં મદદ કરે છે અને તેમને ગરિમાપૂર્ણ જીવન જીવવા માટે જરૂરી આર્થિક આધાર પૂરો પાડે છે. જ્યારે બજારમાં નોકરીઓની અછત હોય છે, ત્યારે નોકરીદાતાઓ દ્વારા શ્રમિકોના શોષણની શક્યતા વધી જાય છે. આવી પરિસ્થિતિમાં સરકાર દ્વારા નક્કી કરાયેલ લઘુત્તમ વેતન શ્રમિકોની ખરીદ શક્તિ વધારવામાં સહાય કરે છે, જે અંતે સમગ્ર અર્થતંત્રમાં માંગ ઊભી કરે છે. તાજેતરમાં નોઇડામાં ફેક્ટરી કામદારો દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનોએ ફરી એકવાર ભારતની શ્રમ નીતિઓ અને વેતન માળખા પર પ્રશ્નો ઊભા કર્યા છે. ઉત્તર પ્રદેશ સરકારે વિરોધ બાદ નોઇડા અને ગાઝિયાબાદ ઝોનમાં લઘુત્તમ વેતનમાં વધારો કર્યો છે, જે આવકાર્ય છે, પરંતુ તે મોડી લેવાયેલ પ્રતિક્રિયા કહી શકાય. હરિયાણાએ પહેલી એપ્રિલથી જ વેતનમાં વધારો અમલમાં મૂક્યો હતો, જેના પડઘા પડોશી વિસ્તારોમાં પડવા સ્વાભાવિક છે. નેશનલ કેપિટલ રીજન (NCR) ભારતનું એક જટિલ અને વિશાળ શ્રમ બજાર છે, જ્યાં દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશની સીમાઓ એકબીજાને સ્પર્શે છે. આવી સ્થિતિમાં જુદી જુદી સરકારો દ્વારા અલગ અલગ વેતન દર નક્કી કરવામાં આવે, તો શ્રમિકોમાં અસંતોષ અને ઉદ્યોગોમાં અસ્થિરતા સર્જાય તે સ્વાભાવિક છે. નોઈડામાં કુશળ કામદારો માટેનો નવો વેતન દર આશરે રૂ.૧૬,૯૦૦ છે, જ્યારે દિલ્હીમાં આ જ શ્રેણીના કામદારોને લગભગ રૂ.૨૨,૪૦૦ મળે છે. હરિયાણામાં આ દર રૂ.૧૮,૫૦૦ થી રૂ.૧૯,૪૨૫ વચ્ચે છે. એક જ ભૌગોલિક વિસ્તારમાં આટલો મોટો તફાવત બજારમાં અસંતુલન ઊભું કરે છે. તેથી NCR માટે એકસમાન વેતન નીતિની જરૂરિયાત વધુ સ્પષ્ટ બની છે. જો આ વિસંગતતા યથાવત્ રહેશે, તો શ્રમિકો વધુ વેતન આપતા વિસ્તારો તરફ સ્થળાંતર કરશે અથવા અસંતોષ વ્યક્ત કરશે, જે ઉત્પાદનક્ષમતા પર પ્રતિકૂળ અસર કરશે. ભારતીય શ્રમ બજારની બીજી ગંભીર સમસ્યા 'કોન્ટ્રાક્ટ સિસ્ટમ' છે. મોટા ભાગના ઉદ્યોગો કાયમી કર્મચારીઓ રાખવાને બદલે તૃતીય પક્ષ કોન્ટ્રાક્ટરો દ્વારા કામદારોની ભરતી કરે છે. આ વ્યવસ્થામાં કામદારોનું શોષણ સામાન્ય બાબત બની ગયું છે. કોન્ટ્રાક્ટ પર કામ કરતા શ્રમિકોને સમાન કામ માટે કાયમી કર્મચારીઓ જેટલું વેતન કે સુવિધાઓ મળતી નથી. પીએફ (PF) અને ઈએસઆઈ (ESI) જેવી સામાજિક સુરક્ષા યોજનાઓ ઘણીવાર કાગળ પર જ સીમિત રહી જાય છે. કોન્ટ્રાક્ટરો પોતાના નફા માટે શ્રમિકોના વેતનમાં કપાત કરે છે અને નોકરી ગુમાવવાની ભીતિને કારણે શ્રમિકો અવાજ ઉઠાવી શકતા નથી. આ 'હાયર એન્ડ ફાયર' સંસ્કૃતિએ મધ્યમ અને નિમ્ન વર્ગને આર્થિક રીતે નબળા બનાવ્યા છે. NCR ના રાજ્યો માટે દક્ષિણ ભારતના રાજ્યો, ખાસ કરીને તમિલનાડુ, એક સારો ઉદાહરણ પૂરું પાડે છે. ત્યાં ઔદ્યોગિક માળખું વધુ સુવ્યવસ્થિત છે. સરકાર માત્ર જમીન ફાળવણી પૂરતી મર્યાદિત નથી રહેતી, પરંતુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શ્રમિકો માટે રહેઠાણ જેવી સુવિધાઓ પણ વિકસાવે છે. સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે ત્યાં સરકાર માલિક અને મજૂર વચ્ચે સંતુલન જાળવતી મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે, જેના કારણે બંને પક્ષોના હિતોનું સંરક્ષણ થાય છે. અંતમાં, લઘુત્તમ વેતનનો વધારો કોઈ ઉપકાર નહીં પરંતુ શ્રમિકોનો અધિકાર છે.

# આર્ટેમિસ મિશનની ભવ્ય સફળતા એટલે માનવ જાતનું અવકાશમાં વિરાટ અભિયાન




પ્રાસંગિક

સુરેશ દેસાઈ

અવકાશ વિજ્ઞાનના ઈતિહાસમાં કેટલીક ક્ષણો એવી હોય છે જે માત્ર તે સમયગાળાને નહીં, પરંતુ આવનારી અનેક પેઢીઓને પ્રેરણા આપે છે. નાસાનું 'આર્ટેમિસ' મિશન એવી જ એક ઐતિહાસિક સિદ્ધિ બનીને સામે આવ્યું છે. દસ દિવસ સુધી બ્રહ્માંડના અનંત અંધકારમાં સફર કરીને જ્યારે ચાર સાહસિક અવકાશયાત્રીઓ સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત ફર્યા, ત્યારે સમગ્ર વિશ્વ ગૌરવ અને આનંદથી ભરાઈ ગયું હતું. આ ઘટના માત્ર ટેક્નોલોજીની સફળતા નથી, પરંતુ માનવીય હિંમત, સંકલ્પ અને અડગ વિશ્વાસનું જીવંત પ્રતીક છે. આ મિશનના કેન્દ્રમાં ચાર પ્રતિભાશાળી અવકાશયાત્રીઓ હતા, જેમણે પૃથ્વીની સીમાઓને પાર કરીને નવી દિશાઓને સ્પર્શ કરી. રીડ વાઈઝમેન ના નેતૃત્વ હેઠળની ટીમમાં વિક્ટર ગ્લોવર, ક્રિસ્ટીના કોચ અને જેરેમી હેન્સન નો સમાવેશ થતો હતો. આ ચારેયે પોતાના જ્ઞાન, અનુભવ અને સાહસ દ્વારા આ મિશનને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. ખાસ કરીને ક્રિસ્ટિના કોચની હાજરી એ દર્શાવે છે કે આજના યુગમાં સ્ત્રીઓ અવકાશ સંશોધનમાં અગ્રણી ભૂમિકા ભજવી રહી છે. આ મિશન દ્વારા માત્ર પ્રવાસ જ નહોતો કરવામાં આવ્યો, પરંતુ ચંદ્ર પર ભવિષ્યમાં માનવ વસવાટ માટે જરૂરી પરિસ્થિતિઓનું પણ અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ દસ દિવસનો પ્રવાસ માત્ર રોમાંચક જ નહોતો, પરંતુ તેની પૂર્ણાહુતિ અત્યંત જટિલ અને જોખમી હતી. અવકાશમાંથી પૃથ્વી પર પરત ફરવું એ વિજ્ઞાનમાં એક અગ્નિપરીક્ષા સમાન ગણાય છે. 'ઓરિઅન' અવકાશયાન જ્યારે પૃથ્વીના વાયુમંડળમાં પ્રવેશ કરી રહ્યું હતું, ત્યારે તેની ગતિ હજારો કિલોમીટર પ્રતિ કલાક હતી. વાયુમંડળ સાથેના ઘર્ષણથી ઉત્પન થતી ભારે ગરમીને સહન કરવી એ કોઈ સામાન્ય બાબત નથી. પરંતુ ઓરિઅનની અત્યાધુનિક હીટ શીલ્ડે આ તમામ પડકારોને પાર કરીને અવકાશયાત્રીઓને સંપૂર્ણ સુરક્ષા પૂરી પાડી. જ્યારે અવકાશયાન પેસિફિક મહાસાગરમાં સાન ડિએગોના કિનારે ઉતર્યું, ત્યારે આકાશમાં ખુલેલા વિશાળ પેરાશૂટોનું દ્રશ્ય અદભૂત લાગતું હતું. તે ક્ષણે એવું લાગતું હતું કે જાણે વિજયના ધ્વજ આકાશમાં લહેરાઈ રહ્યા હોય. 'સ્પ્લેશડાઉન'ની પ્રક્રિયા સફળ થતા જ નાસાની રિકવરી ટીમો તરત જ સક્રિય થઈ ગઈ. પાણીમાંથી અવકાશયાત્રીઓને બહાર કાઢવાની પ્રક્રિયા ખૂબ જ સચોટ અને જોખમી હોય છે, જેમાં કોઈ પણ નાની ભૂલ ગંભીર પરિણામો આપી શકે છે. મિશન કંટ્રોલ સેન્ટરમાં બેઠેલા વૈજ્ઞાનિકો માટે આ ક્ષણ ખૂબ જ તણાવભરી હતી. દરેક ક્ષણ તેમની નજર સ્ક્રીન પર જ હતી. પરંતુ જેમ જ ચારેય અવકાશયાત્રીઓ સુરક્ષિત રીતે બહાર આવ્યા, તેમ સમગ્ર કેન્દ્ર તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું. ત્યારબાદ તેમને હેલિકોપ્ટર દ્વારા અમેરિકી નેવીના વિશાળ જહાજ 'યુએસએસ જોન પી. મુર્થા' પર લઈ જવામાં આવ્યા, જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. પરંતુ મિશન અહીં પૂર્ણ થતું નહોતું. અવકાશમાં લાંબા સમય સુધી શૂન્ય ગુરુત્વાકર્ષણમાં રહેવાના કારણે માનવ શરીર પર અનેક પ્રકારના પ્રભાવ પડે છે. હાડકાં નબળા પડવા, સ્નાયુઓમાં શક્તિ ઘટવી અને અન્ય શારીરિક પરિવર્તનો થવા સ્વાભાવિક છે. તેથી અવકાશયાત્રીઓને તાત્કાલિક મેડિકલ તપાસ માટે ખસેડવામાં આવ્યા. વૈજ્ઞાનિકો માટે આ ડેટા ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તે ભવિષ્યના લાંબા અવકાશ પ્રવાસ માટે માર્ગદર્શન પૂરું પાડશે. આ મિશનની સફળતા પાછળનો સૌથી મહત્વપૂર્ણ પાસો ભવિષ્યની યોજનાઓ સાથે જોડાયેલો છે. નાસા હવે માત્ર ચંદ્ર પર જઈને પરત આવવા સુધી મર્યાદિત રહેવા માંગતું નથી. તેનું લક્ષ્ય ચંદ્ર પર માનવ વસાહત સ્થાપવાનું છે. આ મિશન દ્વારા મેળવાયેલ માહિતી ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પાણીની હાજરી શોધવા અને ત્યાં ઉપલબ્ધ કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ ઉપરાંત, આ મિશન મંગળ ગ્રહ સુધી પહોંચવાના માનવીના સપનાને પણ નવી ઊર્જા આપે છે. ચંદ્ર તો માત્ર એક પડાવ છે, જ્યારે અંતિમ લક્ષ્ય મંગળ અને તેનાથી આગળના ગ્રહો છે. આર્ટેમિસ મિશન એ સાબિત કરે છે કે માનવ જાતિ હવે વધુ મોટા અને પડકારજનક મિશનો માટે તૈયાર છે. આ આખી સફર માનવજાત માટે પ્રેરણાદાયી છે. રીડ વાઈઝમેન, વિક્ટ્રો ગ્લોવર, ક્રિસ્ટીના કોચ અને જેરેમી હેન્સન માત્ર અવકાશયાત્રીઓ નથી, પરંતુ તેઓ આધુનિક યુગના શોધક છે. તેમની હિંમત અને સમર્પણથી તેઓએ નવી પેઢી માટે માર્ગ તૈયાર કર્યો છે. આ મિશનનો સૌથી સુંદર પ્રભાવ એ છે કે તે બાળકો અને યુવાનોમાં વિજ્ઞાન પ્રત્યે રસ જગાવે છે. જ્યારે તેઓ આ સાહસિક વાર્તાઓ સાંભળે છે, ત્યારે તેમના મનમાં પણ મોટા સપના જન્મે છે. આર્ટેમિસ મિશન એ સંદેશ આપે છે કે જો મનુષ્યમાં દ્રઢ ઈચ્છાશક્તિ અને વિશ્વાસ હોય, તો કોઈપણ અશક્ય કાર્યને શક્ય બનાવવામાં આવી શકે છે. અંતમાં એટલું કહી શકાય કે આર્ટેમિસ મિશન માત્ર એક વૈજ્ઞાનિક અભિયાન નથી, પરંતુ માનવજાતના ભવિષ્ય માટેનો એક મહત્વપૂર્ણ પગથિયો છે. આ મિશન એ વિશ્વાસ જગાવે છે કે આપણે બ્રહ્માંડના રહસ્યોને ઉકેલવા માટે સજ્જ છીએ. હજુ ઘણું જાણવા બાકી છે, પરંતુ આ શરૂઆત એ બતાવે છે કે માનવજાતની યાત્રા હવે અનંત દિશામાં આગળ વધી રહી છે.

**આ અવકાશયાત્રી એટલે માનવજાતની નવી છલાંગ માનવ ઈતિહાસમાં પહેલી વખત માનવી ચંદ્રને પહેલે પાર ગયો અને સહી સલામત રીતે અવકાશયાત્રી પાછા આવ્યા.**

## શબ્દ સંજોગ-૨૧૮૦



**આડી ચાવી :**

(૧) સંખ્યાની નિશાની (૨)
(૨) હેડકી, તાણ (૩)
(૪) ઓછુ સૂઝવુ તે (૨)
(૫) સાંચને ન આવે.... (૨)
(૬) હળવી મજાક (૩)
(૮) ઉપસી આવેલો ગાંઠ જેવો ભાગ (૩)
(૧૧) પાસે, નજીક (૨)
(૧૨) વહાણની કિનાર (૩)
(૧૩) એક ફિલ્મ:...બોસ (૨)
(૧૫) આંટી, ગૂંચ (૨)
(૧૬) સોયનો સાથીદાર (૨)
(૧૮) એક તેલ બી (૨)
(૧૯) દૂંટીની નીચેના ભાગમાં રગોની ગાંઠ (૩)
(૨૧) તપાસ, ભાળ (૨)
(૨૨)આંખોમાંથી દુ:ખ કે હર્ષ વખતે ટપકતા ટીપા (૨)
(૨૩) ઉંદરનું ઘર (૨)
(૨૫) શાખ, આબરૂ (૨)
(૨૬) દિપ્તી, રૂઆબ (૨)
(૨૯) બારણે આસોપાલવના ................... બંધાય (૩)

**ઉભી ચાવી :**

(૧) બંને છેડેથી વાળેલો સળિયો (૩)
(૨) ઝાળ, ભભૂકો (૨)
(૩) પોપટ (૨)
(૪) અંજનાનો પુત્ર હનુમાન (૪)
(૫) નિશાનીની લીટી (૨)
(૭) મૂંગુ (૨)
(૯) ઝટકો, ઘા (આ-અ) (૩)
(૧૦) અંતર, ગાળો (૩)
(૧૨) આંદોલન, ડોલન (૩)
(૧૨) કોલસા બાળવાનું એક સાધન (૩)
(૧૪) પત્તાની રમતમાં અમુકનું પ્રાધાન્ય હોય છે તે (૨)
(૧૫) ધૂળની ડમરી ઉડે તેવુ વાવાઝોડુ (૨)
(૧૭) એક વૃક્ષ (૨)
(૧૮) એક તેજાનો (૨)
(૧૯) અશ્રુ (૨)
(૨૦) એક મુસ્લિમ તહેવાર (૨)
(૨૧) ઘટ્ટ, ઓછાપણુ (૨)
(૨૨) ભૂકંપમાં આવે (૩)
(૨૪) કાંત, પતિ (૩)
(૨૫) શરીરનો એક અવયવ (૨)
(૨૬) ધરી (૨)
(૨૭) ત્રણ શેરોના દોરામાંથી બે ઉખેડવી તે (૨)

## શબ્દ સંજોગ-૨૧૭૯ જવાબ

**આડી ચાવી:** (૧) ઉર્મિલા (૩) દાન (૫) નર્યા (૬) નખી (૭) કબર (૮) પોત (૯) પોલ (૧૦) દવ (૧૨) પાક (૧૩) તક (૧૪) તમણ (૧૫) વળતર (૧૭) કત (૧૮) ચખાર (૨૦) ખાલી (૨૧) સમા (૨૩) રાત (૨૪) તકલીફ (૨૭) બરતરફ (૨૮) નાવિક. **ઉભી ચાવી:** (૧) ઉર્ધ્વ (૨) લાનત (૪) નકલ (૫) નરદમ (૮) પોકળ (૯) પોક (૧૧) વણજ (૧૨) પાવલી (૧૩) તરત (૧૪) તરીખા (ખાતરી) (૧૬) તકલી (૧૮) ચકલી (૧૯) રસ (૨૦) ખાતર (૨૨) માદક (૨૩) રાબ (૨૪) તર (૨૫) કફ (૨૬) ફના.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૫૦ | ૧૭૯૧ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૩૮ | ૬૨૬ |
| જુવાર સફેદ | ૭૮૦ | ૯૧૦ |
| જુવાર લાલ | ૭૯૦ | ૯૯૦ |
| જુવાર પીળી | ૪૩૫ | ૪૯૦ |
| બાજરી | ૩૨૫ | ૫૧૧ |
| તુવેર | ૧૩૪૦ | ૧૫૫૦ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૦૫૧ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૬૭૫ |
| અડદ | ૧૩૨૦ | ૧૭૦૧ |
| મગ | ૧૧૪૦ | ૧૯૦૦ |
| વાલ દેશી | ૯૨૦ | ૧૨૧૦ |
| વટાણા | ૬૫૦ | ૧૧૪૦ |
| કળથી | ૩૦૬ | ૭૨૦ |
| રાજમા | ૭૦૦ | ૧૮૪૦ |
| સીંગદાણા | ૧૯૦૦ | ૨૦૫૦ |
| મગફળી જાડી | ૧૩૨૦ | ૧૫૫૦ |
| મગફળી જીણી | ૧૩૭૦ | ૧૬૭૦ |
| અળશી | ૧૬૦૦ | ૧૬૦૦ |
| તલી | ૧૭૦૦ | ૨૦૩૦ |
| સુરજમુખી | ૧૦૦૮ | ૧૫૦૩ |
| એરંડા | ૧૧૮૫ | ૧૨૪૪ |
| સુવા | ૧૨૦૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૬૦ |
| સીંગફાડા | ૧૩૯૦ | ૧૮૫૦ |
| કાળા તલ | ૩૨૦૦ | ૩૭૫૦ |
| લસણ | ૭૬૦ | ૧૫૫૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૪૫૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૬૫૦૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૬૫૧ |
| વરીયાળી | ૧૮૫૦ | ૨૪૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૨૦ |
| રાય | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મેથી | ૧૦૯૦ | ૧૬૬૦ |
| અશેરીયો | ૧૦૪૪ | ૧૧૮૦ |
| કલોંજી | ૨૫૦૦ | ૩૧૬૧ |
| રાયડો | ૯૯૦ | ૧૨૩૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૧૧ | ૬૨૧ |
| લીંબુ | ૧૬૦૯ | ૩૧૫૪ |
| સાકરટેટી | ૧૪૬ | ૨૯૩ |
| તરબુચ | ૧૧૧ | ૨૫૩ |
| પપૈયા | ૮૮ | ૧૬૧ |
| બટેટા | ૯૨ | ૨૫૫ |
| ડુંગળી સુકી | ૩૧ | ૨૧૫ |
| ટમેટા | ૧૩૯ | ૨૮૨ |
| સુરણ | ૭૮૨ | ૧૦૧૯ |
| કોથમરી | ૧૭૮ | ૩૧૧ |
| મુળા | ૪૧૧ | ૫૫૧ |
| રીંગણા | ૧૫૬ | ૨૯૨ |
| કોબીજ | ૫૮ | ૧૦૯ |
| ફ્લાવર | ૨૧૯ | ૩૨૭ |
| ભીંડો | ૩૨૬ | ૫૯૧ |
| ગુવાર | ૬૦૩ | ૯૬૮ |
| ચોળાસીંગ | ૭૦૫ | ૯૭૯ |
| ટીંડોળા | ૩૪૧ | ૭૮૨ |
| દુધી | ૧૦૨ | ૨૯૩ |
| કારેલા | ૩૮૯ | ૪૯૪ |
| સરગવો | ૩૧૯ | ૬૨૦ |
| તુરીયા | ૩૭૯ | ૫૮૯ |
| પરવર | ૬૧૪ | ૮૨૮ |
| કાકડી | ૨૩૬ | ૪૪૨ |
| ગાજર | ૨૧૯ | ૩૪૧ |
| વટાણા | ૧૨૨૭ | ૧૬૨૦ |
| ગલકા | ૨૩૬ | ૩૯૧ |
| બીટ | ૮૩ | ૧૬૪ |
| મેથી | ૨૪૬ | ૪૦૭ |
| ડુંગળી લીલી | ૧૮૫ | ૩૨૮ |
| આદુ | ૯૦૯ | ૧૧૧૨ |
| મરચા લીલા | ૩૧૭ | ૫૩૮ |
| લસણ લીલું | ૧૫૦૧ | ૧૯૮૮ |
| મકાઇ લીલી | ૧૫૧ | ૨૬૨ |
| ગુંદા | ૩૦૭ | ૫૧૪ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૫૧ | ૧૭૭૧ |
| મગફળી જીણી | ૧૨૧૧ | ૧૬૮૧ |
| સિંગદાણા જાડા | ૧૯૬૧ | ૨૦૩૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૦ | ૧૯૦૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૨૫૬ |
| જીરૂ | ૨૮૫૧૦ | ૪૪૩૧ |
| વરીયાળી | ૧૩૭૬ | ૨૩૭૬ |
| ધાણા | ૧૬૫૧ | ૨૬૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૬૦૧ | ૭૯૦૧ |
| ડુંગળી લાલ | ૩૧ | ૨૬૧ |
| અડદ | ૬૫૧ | ૧૬૬૧ |
| મઠ | ૭૭૬ | ૭૭૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૬૧૧ |
| રાયડો | ૯૦૧ | ૧૧૭૧ |
| રાય | ૧૦૦૧ | ૧૨૬૧ |
| મેથી | ૯૦૧ | ૧૪૯૧ |
| કાંગ | ૨૪૧ | ૬૦૧ |
| સુરજમુખી | ૬૫૧ | ૧૩૬૧ |
| મરચા | ૧૯૦૧ | ૭૫૦૧ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૬૭૬ |
| મગફળી ૬૬ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તલ - તલી | ૧૬૨૧ | ૨૦૬૧ |
| ધાણી | ૧૭૫૧ | ૨૮૪૧ |
| મરચા સૂકા ઘોલર | ૨૩૦૧ | ૧૧૧૦૧ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૨૨૦ |
| બાજરો | ૩૦૧ | ૩૮૧ |
| જુવાર | ૬૫૧ | ૮૭૬ |
| મકાઇ | ૨૦૦ | ૩૫૧ |
| મગ | ૧૪૨૬ | ૧૬૦૧ |
| વાલ | ૮૫૧ | ૧૨૫૧ |
| વાલ પાપડી | ૮૦૧ | ૯૦૧ |
| ચોળા / ચોળી | ૫૫૧ | ૧૦૬૧ |
| સોયાબીન | ૮૫૧ | ૧૦૮૧ |
| અરીઠા | ૨૦૧ | ૭૭૬ |
| ગોગળી | ૯૫૦ | ૧૩૮૧ |
| વટાણા | ૪૦૧ | ૯૩૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૦૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૬૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૩૦૦ |
| કાકડી | ૬૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૬૦૦ |
| ગલકા | ૮૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૦૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૧૬૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૪ | ૭ |
| કોથમીર પુરા | ૩ | ૫ |
| મૂળા પુરા | ૩ | ૪ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચૂરણ | ૭૮૦ | ૧૦૦૦ |
| [illegible] | ૫ | ૧૦ |
| ગુંદા | ૪૦૦ | ૬૦૦ |
| [illegible] | ૪૦૦ | ૫૦૦ |
| ધીસોડા | ૧૮૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૨૦૦ |
| મેથી પુરા | ૧ | ૮ |
| બીટ પુરા | ૮ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૮૦ | ૫૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૧૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૨ | ૪ |
| પાલક પુરા | ૧ | ૫ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી નવી | ૧૫૭૦ | ૧૫૭૦ |
| શિંગ મોટી | ૧૧૨૫ | ૧૪૭૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૧૯૧૦ |
| તલ સફેદ | ૧૫૯૦ | ૨૨૭૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૯૫૫ |
| તલ કાશમીરી | ૧૬૦૦ | ૧૯૫૦ |
| બાજરો | ૩૮૦ | ૫૦૫ |
| જુવાર | ૬૨૫ | ૮૯૫ |
| ઘઉં બંસી | ૪૦૦ | ૪૨૦ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૬૨૫ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૫૨૦ |
| મગ | ૧૦૪૦ | ૧૩૦૦ |
| ચણા | ૯૩૦ | ૧૦૭૫ |
| ચણા દેશી | ૧૦૨૫ | ૧૦૪૫ |
| સફેદ ચણા | ૯૯૦ | ૧૧૯૦ |
| છોલે ચણા | ૧૦૪૫ | ૧૫૦૦ |
| વટાણા | ૫૫૫ | ૫૫૫ |
| તુવેર | ૮૦૦ | ૧૫૦૦ |
| વાલ | ૯૫૦ | ૧૭૫૦ |
| કપાસ | ૭૨૦ | ૧૭૮૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૩૫ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૦૭૫ |
| રાયડો | ૧૦૮૫ | ૧૧૨૦ |
| રાય | ૧૨૯૦ | ૧૪૦૦ |
| ધાણા | ૨૨૫૦ | ૨૪૨૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૯૦૦ |
| અજમા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| મેથી | ૯૫૦ | ૧૨૨૫ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૩૦ |
| મરચા લાંબા | ૧૪૦૦ | ૬૨૫૦ |
| મરચા ઘોલર | ૩૪૦૦ | ૯૨૫૦ |
| વરીયાળી | ૧૩૫૦ | ૨૦૫૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૭૦ | ૨૪૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૫૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૮૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટા | ૧૫૦ | ૨૫૦ |
| સુરણ | ૮૩૦ | ૯૦૦ |
| ગાજર | ૨૫૦ | ૩૧૦ |
| દુધી | ૯૦ | ૧૧૦ |
| કારેલા | ૫૫૦ | ૬૫૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| ગુંદા | ૪૫૦ | ૬૨૦ |
| કાકડી | ૨૫૦ | ૩૨૦ |
| ગુવાર | ૫૦૦ | ૭૫૦ |
| વાલ | ૬૫૦ | ૭૫૦ |
| વટાણા | ૧૮૦૦ | ૧૯૦૦ |
| ચોળા લીલા | ૩૫૦ | ૪૫૦ |
| તુરીયા | ૩૨૦ | ૪૩૦ |
| કાચી કેરી | ૫૫૦ | ૧૦૨૦ |
| ગરમર | ૬૫૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૩૫૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૫૦ |
| ફોદીનો | ૩૫૦ | ૪૫૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૫૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૭૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૨૦૦ | ૩૦૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૮૦ |
| શીંગ મોટી | ૧૩૦૦ | ૧૫૦૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૮૦ |
| તલ કાળા | --- | ૩૦૦૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૨૫૧ |
| કપાસ | ૧૪૦૦ | ૧૭૯૪ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૭૦ |
| બાજરો | ૪૪૦ | ૫૪૪ |
| જુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૫૦ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૮૦ |
| દેશી ચણા | ૧૦૨૦ | ૧૧૧૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૬૦૦ |
| એરંડી | ૧૧૮૦ | ૧૨૩૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| રાય/રાયડો | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૪૦ | ૧૬૧૦ |
| મગફળી | ૧૨૭૦ | ૧૫૦૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૩૭ |
| ચણા | ૯૪૧ | ૧૦૩૭ |
| સફેદ ચણા | ૧૫૩૦ | ૧૫૩૦ |
| ધાણા | ૨૩૦૦ | ૨૫૪૫ |
| તુવેર | ૧૧૯૫ | ૧૫૧૪ |
| રાઈ | ૧૧૦૧ | ૧૨૭૬ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૨૫ |
| શીંગ ફાડા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| શીંગ દાણા | ૧૭૨૫ | ૧૭૨૫ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૭૫૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૦૫૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૦ | ૧૭૭૮ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૪૭૫ |
| ઘઉં ટુકડા | ૪૦૮ | ૪૫૬ |
| ચણા | ૮૫૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૯૪૫ | ૨૩૧૦ |
| ચણા સફેદ | ૯૦૦ | ૯૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૦ |
| મકાઈ | ૪૪૦ | ૪૪૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૪૨૫ |
| મેથી | ૯૬૦ | ૧૧૪૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૭૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જુવાર | ૬૭૦ | ૬૭૦ |
| શીંગદાણા | ૧૩૦૦ | ૧૬૫૫ |
| રાય | ૧૨૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૨૬ |
| લશણ | ૨૫૦ | ૪૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૫૮૦ | ૧૭૯૪ |
| કપાસ મીડીયમ | ૧૪૦૦ | ૧૫૭૦ |
| મગફળી | ૧૨૬૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૩૩૧૦ | ૪૧૫૦ |
| ચણા | ૧૦૧૫ | ૧૦૫૫ |
| ઘઉં | ૪૫૫ | ૫૪૫ |
| ધાણા | ૧૪૨૦ | ૨૫૫૦ |
| તુવેર | ૧૧૯૦ | ૧૪૪૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૧ | ૧૭૩૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૬ |
| તુવેર | ૯૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૭૫૧ | ૧૫૦૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૨૬ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૧૯૭૬ |
| મેથી | ૭૦૧ | ૧૨૦૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૪૦૧ |
| લસણ | ૨૦૧ | ૫૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૫૬ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૩૫૧ | ૧૩૮૪ |
| શીંગ ૩૨ | ૧૨૭૦ | ૧૩૭૬ |
| શીંગ ૩૯ | ૧૨૨૦ | ૧૩૯૩ |
| શીંગ જી-૨૦ | ૧૩૦૬ | ૧૪૩૪ |
| એરંડા | ૧૨૩૬ | ૧૨૪૧ |
| જુવાર | ૩૮૩ | ૮૩૦ |
| બાજરી | ૪૪૧ | ૫૧૭ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૬૩૩ |
| મકાઈ | ૩૦૦ | ૪૨૨ |
| ધાણા | ૧૮૧૮ | ૨૪૦૦ |
| મગ | ૪૦૦ | ૨૫૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૯૩૦ | ૧૦૪૬ |
| તલ સફેદ | ૧૫૨૫ | ૨૧૦૦ |
| તલ કાળા | ૧૬૦૦ | ૩૬૪૦ |
| તુવેર | ૫૦૧ | ૧૪૪૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૫૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૧૦ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૨૪૫ |
| કપાસ શંકર | ૧૦૯૫ | ૧૭૨૭ |
| નાળીયેર | ૫૦૧ | ૨૦૦૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૪૭૭ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૧ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૬૫ |
| ઘઉં | ૪૦૫ | ૫૦૪ |
| રાય | ૧૨૫૦ | ૧૪૨૬ |
| રાયડો | ૧૦૨૦ | ૧૨૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૩૪૨ |
| તુવેર | ૯૫૦ | ૧૪૪૦ |
| જુવાર | ૭૪૦ | ૯૪૪ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૨૨ |
| એરંડી | ૧૦૮૦ | ૧૨૨૯ |
| ચણા | ૯૬૦ | ૧૦૫૪ |
| સોયાબીન | ૧૦૧૧ | ૧૧૦૭ |
| ધાણા | ૧૭૦૦ | ૨૩૩૦ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૦૦ | ૧૭૪૦ |
| ચણા | ૧૦૨૬ | ૧૦૫૧ |
| તુવેર | ૧૩૫૧ | ૧૪૮૧ |
| ધાણા | ૧૮૦૫ | ૧૮૦૫ |
| ઘઉં | ૪૧૨ | ૪૪૦ |
| મેથી | ૯૧૧ | ૯૧૧ |
| રાય | ૮૧૨ | ૯૬૦ |
| જીરૂ | ૪૧૫૧ | ૪૧૫૧ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૬૦૦ | ૭૫૫ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૭૮ |
| મગ | ૫૦૦ | ૭૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૨૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૪૦૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૧ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૪૯૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૩૫ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૨૫ |
| રાઈ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| લસણ | ૮૨૫ | ૧૫૪૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૫૫ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૦૯૦ |
| અજમો | ૧૨૦૦ | ૪૨૦૦ |
| અજમાની ભૂસી | ૧૦૦ | ૨૨૦૦ |
| ધાણા | ૧૬૦૦ | ૨૫૦૦ |
| મરચા | ૧૭૦૦ | ૫૧૧૦ |
| સોયાબીન | ૮૪૦ | ૧૧૦૦ |
| વટાણા | ૭૦૦ | ૧૦૬૦ |
| કલોંજી | ૧૦૦૦ | ૩૦૮૦ |
| રાજમા | ૧૧૦૦ | ૧૩૮૫ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૬૦૧ | ૨૦૮૪ |
| તલ કાળા | ૨૫૦૦ | ૨૫૭૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૨૪ |
| બાજરો | ૨૫૦ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૩૩૦ | ૫૨૬ |
| જુવાર | ૪૦૦ | ૯૭૧ |
| મગ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૪૬ |
| એરંડી | ૧૧૬૮ | ૧૧૬૮ |
| ધાણા | ૧૮૭૨ | ૨૨૦૧ |
| મેથી | ૧૧૦૧ | ૧૨૭૦ |
| સોયાબીન | ૮૫૦ | ૯૭૫ |
| રાય | ૧૦૫૦ | ૧૧૫૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# જુનાગઢ ગેરકાયદે બાંધકામની રજૂઆત કરવા ગયેલા અરજદાર પર જ ફરિયાદ

જૂનાગઢ,તા.૧૫



જૂનાગઢ મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચાર અને વહીવટી બેદરકારીનો પર્દાફાશ કરનાર એક અરજદાર માટે ન્યાય મેળવવો લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થયો છે. ૧૩ એપ્રિલે ટાઉન પ્લાનિંગ શાખામાં ગેરકાયદે બાંધકામની ફરિયાદ કરવા ગયેલા અરજદારે જ્યારે ઓફિસમાં કર્મચારીઓની ગેરહાજરી અને લાઈટ-પંખા ચાલુ જોયા, ત્યારે તેમણે આ લાપરવાહીનું ફેસબુક લાઈવ કર્યું હતું. આ લાઈવ વીડિયો વાયરલ થતા જ મનપા તંત્રમાં ભારે ફફડાટ ફેલાયો હતો. પોતાની ખામીઓ છુપાવવા કર્મચારીઓએ હડતાલ પાડી દીધી અને સામે અરજદાર પર જ સરકારી કામમાં અવરોધ તથા ગેરવર્તણૂકના આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. છેલ્લા ત્રણ દિવસથી સતત પોલીસના ધક્કા ખાવા છતાં પોતાની રજૂઆત ન સાંભળવામાં આવતા હતાશ થયેલા અરજદારે અંતે એસપી કચેરી ખાતે આત્મહત્યાનો પ્રયાસ કર્યો, જેણે સમગ્ર જિલ્લામાં ચકચાર મચાવી દીધી છે. આ ઘટનાએ સરકારી તંત્રની કાર્યશૈલી અને જનતાના અવાજને દબાવવાની નીતિ સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

ઉંટવડ ગામે ગુજરાત પ્રદૂષણ બોર્ડ નિયંત્રણ બનાવટી ઓર્ડર કેસમાં

# બાબરાના ખોડીયાર ક્વોરીવસ સ્ટોન ક્રસર કેસમાં ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોને કારણે આરોપીનો નિર્દોષ છુટકારો

અમરેલી,તા.૧૫

બાબરા તાલુકાના ઉંટવડ ગામે આવેલ 'ખોડીયાર ક્વોરીવર્સ' નામથી સ્ટોન ક્રસર માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો બનાવટી કન્સેન્ટ ઓર્ડર બનાવવાના ગંભીર કેસમાં કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. આ કેસમાં ભાજપના ભૂતપૂર્વ મહામંત્રી મહેશભાઈ જેઠાભાઈ ભાયાણી અને પ્રદૂષણ બોર્ડના કર્મચારી ધર્મેન્દ્રસિંહ જેઠુભા જાડેજા વિરૂધ્ધ અને સિક્કા કરી નકલી ઓર્ડર ઊભો કર્યો હોવાનો આક્ષેપ હતો. હસ્તાક્ષર નિષ્ણાંતના રિપોર્ટમાં પણ સહી બનાવટી હોવાનું ખુલ્યું હતું. તેમ છતાં, બચાવ પક્ષના



વકીલ ઉદયન ત્રિવેદી અને એસ.બી. જસાણીની ધારદાર દલીલો અને નામદાર હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓને ધ્યાને રાખી, બાબરાના પ્રિન્સીપલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જી.એસ. દિઓરાએ પુરાવાના અભાવે બંને આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

# સુરતના વોર્ડ નં.૨૨મા ઉમેદવારોને રહીશોએ દરવાજા પર અટકાવી દીધા

સુરત,તા.૧૫

સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભાજપ માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ખાસ કરીને ભાજપનો ગઢ ગણાતા રાંદેર અને અઠવા ઝોનમાં સત્તાધારી પક્ષને જનતાના ભારે વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. વોર્ડ નંબર ૨૨ માં સમાવિષ્ટ આશીર્વાદ વિલા સોસાયટીના રહીશોએ ભાજપના ઉમેદવારો અને પૂર્વ ધારાસભ્યને સોસાયટીના ગેટ પર જ અટકાવી દીધા હતા. રહીશોએ આક્ષેપ કર્યો હતો કે છેલ્લા બે દાયકાથી તેઓ ભાજપને ખોબે ખોબે મત આપે છે, તેમ છતાં પાયાની સુવિધાઓના નામે શૂન્ય કામગીરી થઈ છે. સોસાયટીના ગેટ પર 'ઉમેદવારોએ પ્રવેશવું નહીં' તેવા બોર્ડ મારીને મતદારોએ રોષ વ્યક્ત કર્યો હતો. જ્યારે પૂર્વ ધારાસભ્ય અને ઉમેદવારો પ્રચાર માટે પહોંચ્યા ત્યારે રહીશોએ તેમની પાસે વિતેલા વર્ષોની કામગીરીનો હિસાબ માંગ્યો હતો.

# ગુજરાતમાં ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે હાઈવોલ્ટેજ ડ્રામા : ૨૬ એપ્રિલે મતદાન પહેલા રાજકીય ઘર્ષણ તેજ

અમદાવાદ, તા. ૧૫



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ગુજરાતમાં ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે રાજ્યભરમાં રાજકીય તણાવ અને હાઈવોલ્ટેજ ડ્રામાના દ્રશ્યો સામે આવ્યા હતા. અનેક વિસ્તારોમાં ઉમેદવારોએ અચાનક ફોર્મ પરત ખેંચતા રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર નોંધાયો છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે તીવ્ર સ્પર્ધા વચ્ચે સામ-દામ-દંડ-ભેદની નીતિઓ અપનાવાઈ રહી હોવાના આક્ષેપો ઉઠ્યા છે. વડોદરામાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો હતો, જ્યાં કેટલાક ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા કાર્યકરોમાં રોષ ફાટી નીકળ્યો અને તોડફોડની ઘટના બની હતી. બનાસકાંઠાના પાલનપુરમાં મહિલા ઉમેદવારને લઈ ચોંકાવનારી ઘટના સામે આવી, જ્યારે સુરતમાં કોંગ્રેસ અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. રાજ્યના તાપી, અમદાવાદ, સુરત અને રાજકોટ સહિતના વિસ્તારોમાં પણ અંતિમ ક્ષણે અનેક ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા છે. કોંગ્રેસે ભાજપ પર દબાણ અને દુરુપયોગના ગંભીર આક્ષેપો લગાવ્યા છે. હવે ૨૬ એપ્રિલે મતદાન યોજાશે.

# ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચે હથિયારના સોદા માટે ભેગા થયેલા ત્રણને ઝડપ્યા

ભાવનગર,તા.૧૫



ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે પાલીતાણા પંથકમાં પેટ્રોલિંગમાં હોય એ દરમિયાન મળેલી બાતમીના આધારે મોખડકા ગામની સીમમાં આવેલી વાડીમાં રેડ કરતાં હથિયારના સોદા માટે ભેગા થયેલા ત્રણેય શખ્સોને ઝડપી લઈ પોલીસે તેમની પાસેથી મેગેઝીનવાળી પિસ્તોલ અને જીવતા કાર્ટીસ સહિત કુલ રૂ. ૨૦,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કરી શખ્સોને પાલીતાણા ગ્રામ્ય પોલીસ સ્ટેશનને સોંપ્યા હતા, જ્યાં તેમના વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાવ્યો હતો.

# કોડીનારના માઢવાડ ગામે ૪ લાખ ચોરનાર વિશ્વાસુ ડ્રાઈવરને પોલીસે ગણતરીની કલાકોમાં ઝડપી પાડ્યો

કોડીનાર,તા.૧૫



ગીર સોમનાથ જિલ્લાના કોડીનારના માઢવાડ ગામે થયેલી રૂ.૪ લાખની રોકડની ચોરીનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. આ ચોરીમાં ફરિયાદીનો વિશ્વાસુ બોલેરો ડ્રાઈવર જ મુખ્ય આરોપી હોવાનું બહાર આવ્યું છે.ગત ૧૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ માઢવાડના ડીઝલ પંપ પર એક બોટ માલિક પોતાની મોટરસાયકલની ડેકીમાં રૂ.૪,૦૦,૦૦૦ રોકડા લઈને ડીઝલ લેવા ગયા હતા. ફરિયાદી જ્યારે પંપ પર ઓફિસમાં બેઠા હતા, ત્યારે તેમની સાથે આવેલ ડ્રાઈવર ઈરફાન મન્સુરીએ અંધારાનો લાભ લઈ ડેકીમાંથી રકમની ચોરી કરી હતી અને પૈસા નજીકની ઝાડીઓમાં છુપાવી દીધા હતા. કોડીનાર પોલીસે સીસીટીવી ફૂટેજ અને શંકાના આધારે ડ્રાઈવર ઈરફાનની સઘન પૂછપરછ કરી હતી. આરોપીએ ગુનાની કબૂલાત કરતા પોલીસે તેની નિશાનદેહી પરથી પૂરેપૂરી રકમ રિકવર કરી છે. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુત્રાપાડા ફાટક નજીક આવેલા સુંદરપરા ટોલ પ્લાઝા પર કર્મચારીઓની ગુંડાગીરી

કોડીનાર, તા.૧૪



ગીર સોમનાથના સુત્રાપાડા ફાટક નજીક આવેલા સુંદરપરા ટોલ નાકા પર કર્મચારીઓ દ્વારા વાહન ચાલકો અને પત્રકાર સાથે ઉધ્ધત વર્તન કરી ખુલ્લી ધમકીઓ આપવાની ઘટના સામે આવી છે. ફાસ્ટટેગ રિચાર્જ મુદ્દે થયેલી સામાન્ય બોલાચાલીમાં ટોલ કર્મચારીઓએ પત્રકાર અલ્તાફ મુગલ અને સાથી મુસાફરો સાથે દાદાગીરી કરી હતી.વીડિયોમાં કર્મચારીઓ પોલીસ તંત્રનો કોઈ ડર ન હોય તેમ "દિલ્હીથી પોલીસ બોલાવો" કહી પડકાર ફેંકતા નજરે પડે છે. આ મામલે સોશિયલ મીડિયા પર આક્રોશ ફાટી નીકળતા ગુજરાત પોલીસ વડાએ ગંભીર નોંધ લીધી છે. રાજ્ય પોલીસ વડાએ ગીર સોમનાથ એસ.પી.ને તાકીદે પીડિતોનો સંપર્ક કરી, પુરાવાઓના આધારે કડક કાર્યવાહી કરવા અને ટોલકર્મીઓ વિવેકપૂર્ણ વર્તન કરે તે સુનિશ્ચિત કરવા આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ આ ટોલ નાકા વિરુધ્ધ અનેક ફરિયાદો ઉઠી ચૂકી છે, ત્યારે હવે પોલીસની કાર્યવાહી પર સૌની મીટ મંડી છે.

# કોડીનારમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતિની ઉજવણી કરાઈ

કોડીનાર,તા.૧૫



કોડીનારમાં મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ સમાજ અને સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૪ એપ્રિલના રોજ સવારે ૮:૦૦ વાગ્યે સામાજિક સમરસતા વિભાગ દ્વારા ડૉ. આંબેડકરજીની પ્રતિમા તેમજ ભગવાન બુદ્ધની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સર્વ સમાજના લોકો ઉત્સાહભેર જોડાયા હતા. ત્યારબાદ તમામ સમાજના લોકો દ્વારા ભવ્ય શોભાયાત્રા પણ કાઢવામાં આવી હતી.

# અમદાવાદની એલ.ડી એન્જિનિયર કોલેજમાં સ્લેબ ધરાશાયી થતા એક વિદ્યાર્થી ઈજાગ્રસ્ત

અમદાવાદ,તા.૧૫



અમદાવાદ શહેરની એલડી એન્જિનિયરિંગ કોલેજની હોસ્ટેલમાં ગઈકાલે ૧૪ એપ્રિલની રાત્રે સ્લેબ ધરાશાઈ થવાની ઘટના બની હતી. હોસ્ટેલના બ્લોક નંબર Bના એક રૂમમાં છતની સ્લેબનો એક ભાગ અચાનક તૂટી પડ્યો હતો. આ ઘટનામાં એક વિદ્યાર્થીને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ હોસ્ટેલની બિલ્ડીંગ જર્જરિત હોવાનો NSUIએ આક્ષેપ કર્યો છે.

# રાજયમાં મનરેગા નીચે કામ કરતા શ્રમિકો, કર્મચારીઓ પાંચ માસથી પગાર વિહોણા

**શાકભાજી જેવી પાયાની જરૂરિયાતો માટે પણ વ્યાજે પૈસા લેવા પડે તેવી સ્થિતિ**

ગાંધીનગર,તા.૧૫

ગુજરાતમાં મનરેગા યોજના હેઠળ પરસેવો પાડતા લાખો મજૂરો અને કર્મચારીઓ છેલ્લા પાંચથી છ મહિનાથી વેતનથી વંચિત રહેતા સરકારની વહીવટી કાર્યક્ષમતા સામે અનેક પ્રશ્નાર્થો ઊભા થયા છે. ખાસ કરીને ઉના અને ગીરગઢડા જેવા વિસ્તારોમાં સ્થિતિ અત્યંત દયનીય બની છે. કામદારોએ નિયમિત હાજરી આપીને મહેનત કરી હોવા છતાં તેમના ખાતામાં પગાર જમા ન થતા શ્રમિક પરિવારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઓલ ગુજરાત મનરેગા કર્મચારી યુનિયનના જણાવ્યા અનુસાર આ સમસ્યા ફંડ મેનેજમેન્ટની ખામી અને લાંબી સરકારી પ્રક્રિયાઓને કારણે સર્જાઈ છે. આર્થિક સંકટ એટલું ઊંડું ઉતરી ગયું છે કે ગ્રામીણ વિસ્તારોમાં મજૂરોને દૂધ-શાકભાજી જેવી પાયાની જરૂરિયાતો માટે પણ વ્યાજે પૈસા લેવા પડે છે. સરકારની આ ઢીલી નીતિ મધ્યમ અને ગરીબ વર્ગના લોકો માટે આશીર્વાદને બદલે અભિશાપ સાબિત થઈ રહી હોય તેમ જણાય છે.

# કોડીનાર અને સિંઘાજમાં દેશી દારૂની ભઠ્ઠીઓ પર પોલીસના દરોડા, ૪ આરોપીઓ ઝડપાયા

કોડીનાર,તા.૧૫



કોડીનાર પોલીસે બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીઓ ઝડપી પાડી છે. પોલીસ સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે કોડીનારના ૫૧૨ ક્વાર્ટર પાસે આવેલા ઝુંપડપટ્ટી વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. અહીંથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવતા અજયભાઈ મોહબતભાઈ મંદુરીયા, હીનાબેન અજયભાઈ મંદુરીયા, જમનાબેન ભુપતભાઈ વાઘેલાને ઝડપી લીધા હતા. પોલીસે આ સ્થળેથી ૪૦ લીટર દેશી દારૂ, ૯૦૦ લીટર આથો, ગોળના ડબ્બા, ગેસના સિલિન્ડર, ચુલા, મોટરસાયકલ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૬૮,૧૮૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે અન્ય એક કાર્યવાહીમાં પોલીસે સિંઘાજ ગામના ઘોલવાવ વાડી વિસ્તારમાં દરોડો પાડીને મહિપતસિંહ ઉર્ફે મુન્નો માઘુભાઈ પરમાર રહે. સિંઘાજને દેશી દારૂની ભઠ્ઠી ચલાવતા પકડી લીધો હતો. આ આરોપીએ તલના વાવેતર કરેલા ક્યારામાં દારૂનો આથો છુપાવી રાખ્યો હતો. તેની પાસેથી ૧૫ લીટર દેશી દારૂ, ૧૫૦ લીટર ગરમ આથો અને દારૂ ગાળવાના સાધનો મળી કુલ રૂ.૭,૫૭૦ નો મુદ્દામાલ જપ્ત કરીને તમામ આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલના ભોજરાજપરામાં ઘેરથી આધેડની લોહીલુહાણ હાલતમાં લાશ મળતા ચકચાર

ગોંડલ,તા.૧૫



ગોંડલમાં એક કમકમાટીભરી ઘટના સામે આવી છે, જેમાં એક આધેડ વ્યક્તિ પોતાના નિવાસસ્થાને લોહીલુહાણ હાલતમાં મૃત અવસ્થામાં મળી આવ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. શહેરના ભોજરાજપરામાં રહેતા હિતેન્દ્રભાઈ બી. પારેખ (ઉંમર વર્ષ આશરે ૫૫) એકલવાયું જીવન જીવતા હતા. આજે સવારે જ્યારે મનોજભાઈ ધીણોજા નામના વ્યક્તિ હિતેન્દ્રભાઈ પાસેથી ફાકીના પાર્સલ લેવા માટે તેમના ઘરે પહોંચ્યા હતા, ત્યારે વારંવાર દરવાજો ખખડાવવા છતાં અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. આ દરમિયાન મનોજભાઈની નજર ફળીયામાં પડેલા લોહીના ડાઘ પર પડતા તેઓ ચોંકી ઉઠ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ ને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલા ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. અંદર જતા જ હિતેન્દ્રભાઈ લોહીલુહાણ હાલતમાં જમીન પર પડેલા જોવા મળ્યા હતા, જેમનું મૃત્યુ નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં ગોંડલ બી ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો અને પંચનામું કરી આગળની તપાસ હાથ ધરી હતી.

# દેશમાં જથ્થાબંધ ફુગાવો ફરી એકવાર ચિંતાજનક સ્તરે પહોંચ્યો

(એચ.એસ.એલ), નવીદિલ્હી,તા.૧૫



ભારતમાં જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) આધારિત ફુગાવો ફરી એકવાર ચિંતાજનક સ્તરે પહોંચ્યો છે. માર્ચ ૨૦૨૬માં આ દર વધીને ૩.૮૮% થયો છે, જે ફેબ્રુઆરીમાં ૨.૧૩% અને જાન્યુઆરીમાં માત્ર ૧.૬૮% હતો. છેલ્લા ત્રણ મહિનાથી સતત થઈ રહેલો આ વધારો બજારમાં વધતા ખર્ચના દબાણને સ્પષ્ટપણે દર્શાવે છે.

આ ઉછાળા પાછળનું મુખ્ય કારણ ક્રૂડ તેલ, કુદરતી ગેસ અને ઈંધણના ભાવમાં થયેલો તીવ્ર વધારો છે. વૈશ્વિક ઊર્જા કિંમતોની અસર ભારતીય બજાર પર સીધી જોવા મળી રહી છે, જેના કારણે ઈંધણ ક્ષેત્રે ફુગાવો ૧.૦૫% નોંધાયો છે. આ ઉપરાંત, ઉત્પાદન ક્ષેત્રની ૨૨માંથી ૧૬ ચીજવસ્તુઓના ભાવમાં વધારો થયો છે, જે ઉદ્યોગો પર વધતા આર્થિક બોજને સૂચવે છે. જોકે, રાહતની વાત એ છે કે ખાદ્ય સૂચકાંક ૧.૮૫% પર સ્થિર રહ્યો છે. જો આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય સ્તરે કાચા તેલના ભાવ ઘટશે નહીં, તો તેની અસર છૂટક મોંઘવારી પર પણ પડશે અને સામાન્ય જનતાનું બજેટ વધુ ખોરવાઈ શકે છે.

# વડાપ્રધાન મોદીએ આત્મનિર્ભર અને વિકસિત ભારતનો રોડમેપ રજૂ કર્યો

(એચ.એસ.એલ),હિસાર,તા.૧૫



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્ણાટકના માંડ્યામાં આદિચુંચનગિરી મઠ ખાતેથી દેશને મજબૂત અને આત્મનિર્ભર બનાવવા માટે જનતા સમક્ષ 'નવ મજબૂત સંકલ્પો' રજૂ કર્યા છે. આ સંકલ્પો વ્યક્તિગત સુધારાથી લઈને રાષ્ટ્રીય વિકાસ સુધીના પાસાઓને આવરી લે છે. પીએમ મોદીએ નાગરિકોને પાણી બચાવવા, 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરવા અને સ્વચ્છતા જાળવવા આગ્રહ કર્યો હતો. વધુમાં, તેમણે સ્થાનિક અર્થતંત્રને વેગ આપવા 'વોકલ ફોર લોકલ' અપનાવવા અને ઘરેલું પ્રવાસી સ્થળોની મુલાકાત લેવા અપીલ કરી હતી. સ્વાસ્થ્ય બાબતે તેમણે આહારમાં આખા અનાજનો સમાવેશ કરવા, તેલનો વપરાશ ઘટાડવા અને યોગ તથા રમતગમતને દિનચર્યાનો ભાગ બનાવવા પર ભાર મૂક્યો હતો.

કુદરતી ખેતીને પ્રોત્સાહન અને જરૂરિયાતમંદોની મદદ કરવાના આહ્વાન સાથે તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે જો જનતા આ નવ સંકલ્પોને નિષ્ઠાપૂર્વક અપનાવશે, તો 'વિકસિત ભારત'નું સપનું ટૂંક સમયમાં સાકાર થશે. આ પ્રસંગે તેમણે પરંપરાગત દ્રવિડ શૈલીમાં નિર્મિત શ્રી ગુરુ ભૈરવક્ય મંદિરનું ઉદ્ઘાટન પણ કર્યું હતું.

# નોઈડામાં શ્રમિક આંદોલન: વિદેશી કાવતરું કે મોંઘવારીનો માર?

(એચ.એસ.એલ),નોઈડા,૧૫



નોઈડા સેક્ટર ૬૩માં મજૂરો દ્વારા કરવામાં આવેલા આંદોલન બાદ વહીવટીતંત્રે તેમાં વિદેશી શક્તિઓની સંડોવણી હોવાની આશંકા વ્યક્ત કરી છે. જોકે, ધરપકડ કરાયેલા શ્રમિક દીપકના ભાઈ સોનુએ આ આરોપોને નકારી કાઢતા વાસ્તવિકતા રજૂ કરી છે. સોનુના જણાવ્યા અનુસાર, દૈનિક વેતનમાં માત્ર ૧૦ રૂપિયાનો સામાન્ય વધારો (૫૪૦ થી ૫૫૦ રૂપિયા) થતાં શ્રમિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

વધતી જતી મોંઘવારી, ગેસ સિલિન્ડરના ઊંચા ભાવ અને રૂમ ભાડામાં થયેલા ડબલ વધારાને કારણે શ્રમિકો માટે ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. સોશિયલ મીડિયા દ્વારા હરિયાણામાં મળતા ઊંચા વેતનની જાણકારી મળતા નોઈડાના શ્રમિકોએ પણ સમાન વેતનની માંગ કરી હતી. નિષ્ણાંતોનું માનવું છે કે નોઈડા જેવા મોંઘા શહેરોમાં કામ કરતા શ્રમિકોને મોંઘવારી ભથ્થાની તર્જ પર વધારાનું વેતન મળવું જોઈએ. હાલમાં પોલીસની કડક કાર્યવાહી અને ધરપકડને કારણે શ્રમિક પરિવારોમાં ભય અને ચિંતાનો માહોલ છે, જે માત્ર આર્થિક અસંતોષનું પરિણામ હોવાનું દેખાઈ રહ્યું છે.

# વેપારી જહાજો પર હુમલા અંગે વિદેશ મંત્રી એસ. જયશંકરે વ્યક્ત કરી ચિંતા

(એચ.એસ.એલ),ટોક્યો,તા.૧૫



જાપાનમાં આયોજિત 'એઝેડઈસી પ્લસ' બેઠકમાં ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે વૈશ્વિક ઉર્જા પુરવઠામાં આવતા વિક્ષેપો અને વેપારી જહાજો પર થતા હુમલાઓની આકરી ટીકા કરી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે દરિયાઈ શિપિંગ રૂટ પર વેપારી જહાજોને નિશાન બનાવવા તે સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. આ હુમલાઓ માત્ર આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટે જ નહીં, પરંતુ વૈશ્વિક આર્થિક વિકાસ માટે પણ ગંભીર જોખમ સમાન છે.ઈઝરાયેલ, અમેરિકા અને ઈરાન વચ્ચેના વધતા તણાવને કારણે હોર્મુઝ સ્ટ્રેટ (Hromuz Strait) જેવા મહત્વના દરિયાઈ માર્ગો પર શિપિંગ પ્રવૃત્તિ ખોરવાઈ છે. આનાથી તેલ અને ગેસના ભાવમાં તીવ્ર વધારો થયો છે અને તેની સીધી અસર યુરોપથી એશિયા સુધીના બજારો પર પડી રહી છે. એસ. જયશંકરે 'X' પર પોસ્ટ કરીને પુનરોચ્ચાર કર્યો કે ભારત એક મુખ્ય ઉર્જા ગ્રાહક હોવાના નાતે સુરક્ષિત અને અવિરત દરિયાઈ પરિવહન માટે પ્રતિબદ્ધ છે

# સીમાંકનપ્રક્રિયાસામેસ્ટાલિનનોમોરચો, તમિલનાડુમાં આંદોલનની ચીમકી આપી

(એચ.એસ.એલ),ચેન્નાઈ,તા.૧૫



તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને પ્રસ્તાવિત સંસદીય સીમાંકન પ્રક્રિયા સામે કેન્દ્ર સરકારને કડક ચેતવણી આપી છે. તેમણે પક્ષના સાંસદોની તાત્કાલિક બેઠક બોલાવીને આશંકા વ્યક્ત કરી છે કે જો લોકસભાની બેઠકોની સંખ્યા વસ્તીના આધારે વધારવામાં આવશે, તો દક્ષિણના રાજ્યોનું રાજકીય પ્રતિનિધિત્વ ઘટી જશે. 'નારી શક્તિ વંદન અધિનિયમ ૨૦૨૩' સાથે જોડાયેલી આ પ્રક્રિયા હેઠળ લોકસભાની બેઠકો ૫૪૩થી વધારીને ૮૫૦ કરવાનો પ્રસ્તાવ છે.

સ્ટાલિનનો આરોપ છે કે કેન્દ્ર સરકાર રાજ્યો સાથે પરામર્શ કર્યા વિના બંધારણીય સુધારા 'બળજબરીથી લાદવા' માંગે છે. તેમણે દલીલ કરી હતી કે તમિલનાડુ જેવા રાજ્યોએ કેન્દ્રની સલાહ મુજબ વસ્તી નિયંત્રણના પગલાં સફળતાપૂર્વક અમલી બનાવ્યા હતા, પરંતુ હવે સીમાંકનને કારણે તેમને ઓછી બેઠકો મળવાનો ભય છે. જો આ પ્રક્રિયાથી રાજ્યના હિતોને નુકસાન થશે, તો તમિલનાડુમાં મોટા પાયે વિરોધ પ્રદર્શન અને આંદોલન શરૂ કરવામાં આવશે તેવી મક્કમ જાહેરાત તેમણે કરી છે. તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ પણ આ મુદ્દે સમર્થન આપતા પ્રમાણસર બેઠકોની માંગ કરી છે.

# દેશમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ અનેક રાજ્યોમાં હીટવેવનું એલર્ટ

(એચ.એસ.એલ), નવીદિલ્હી,તા.૧૫




ભારતના અનેક રાજ્યોમાં ઉનાળાની શરૂઆતમાં જ ગરમીએ માઝા મૂકી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી થોડા દિવસોમાં ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભારતના તાપમાનમાં ૩ થી ૫ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. ખાસ કરીને મહારાષ્ટ્રના અકોલામાં તાપમાન ૪૩.૮ ડિગ્રી સુધી પહોંચી ગયું છે, જે હાલ દેશનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. દિલ્હી-એનસીઆરમાં પણ પારો ૪૦ ડિગ્રીને પાર કરી શકે છે, જેના કારણે લોકો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે.

ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં ગરમીના મોજા (હીટવેવ) જેવી સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ, ઉત્તર-પૂર્વના રાજ્યો અને જમ્મુ-કાશ્મીરમાં હળવા વરસાદ અને હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે, જે ગરમીથી વિપરીત વાતાવરણ ઊભું કરશે. હવામાન વિભાગે બપોરના સમયે પવનની ગતિ વધવાની અને લૂ લાગવાની શક્યતા વ્યક્ત કરતા નાગરિકોને સાવચેત રહેવા સૂચના આપી છે.

# CBSE બોર્ડમાં મોદી સ્કૂલનું સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનમાં ૧૦૦% પરિણામ

રાજકોટ,તા.૧૫

મોદી સ્કૂલે વર્ષ ૨૦૨૬ના CBSE બોર્ડના પરિણામમાં સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોનમાં ૧૦૦% પરિણામ સાથે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. આ ઝળહળતી સફળતામાં વિદ્યાર્થી તથ્ય રીબડીયાએ કુલ ૫૦૦માંથી ૪૯૦ ગુણ એટલે કે ૯૮% મેળવીને સમગ્ર વિસ્તારમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેની વિષયવાર સિદ્ધિઓમાં વિજ્ઞાન અને હિન્દીમાં ૯૯ ગુણ તેમજ સામાજિક વિજ્ઞાનમાં ૯૮ ગુણનો સમાવેશ થાય છે. શાળાના અન્ય તેજસ્વી વિદ્યાર્થીઓ જેવા કે પ્રિશાએ ૯૭% સાથે દ્વિતીય અને હર્ષિલ સાંગાણી તથા સુમીત ચાવડાએ ૯૬.૮૦% સાથે તૃતીય સ્થાન મેળવ્યું છે. વિશેષ નોંધનીય બાબત એ છે કે સંસ્કૃત વિષયમાં ૬ વિદ્યાર્થીઓએ અને વિજ્ઞાનમાં અન્વીતા દુબેએ ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. શાળાના કુલ ૧૭ વિદ્યાર્થીઓએ ૯૫%થી વધુ અને ૫૨ વિદ્યાર્થીઓએ ૯૦% થી વધુ ગુણ મેળવ્યા છે. આ પ્રસંગે સંસ્થાપક ડૉ. રશ્મીકાંત મોદી અને પારસ મોદીએ તમામ સફળ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

# બંગાળના નવા વર્ષ નિમીત્તે મમતા બેનર્જીનો કેન્દ્ર પર પ્રહાર: મતાધિકાર અને લોકશાહી બચાવવા આહ્વાન

(એચ.એસ.એલ),કોલકતા,તા.૧૫

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બંગાળી નવા વર્ષના અવસરે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે દિલ્હીમાં બેઠેલા શાસકો લોકોના મતાધિકાર છીનવી રહ્યા છે અને લોકશાહીને નબળી પાડી રહ્યા છે. 'X' પ્લેટફોર્મ પર શુભેચ્છાઓ પાઠવતા તેમણે નાગરિકોને અપીલ કરી કે તેઓ બંગાળની ભાઈચારાની પરંપરાને જાળવી રાખે અને અન્યાયી વલણ સામે અવાજ ઉઠાવે. તેમણે બંગાળને કલા, સંસ્કૃતિ અને સર્વધર્મ સમભાવની ભૂમિ ગણાવતા ચેતવણી આપી કે કેટલીક અદ્રશ્ય શક્તિઓ રાજ્યને ભ્રષ્ટ કરવાના પ્રયાસો કરી રહી છે. વર્ષ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પૂર્વે તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચેનું શાબ્દિક યુધ્ધ તેજ બન્યું છે. મમતા બેનર્જીએ સ્પષ્ટ કર્યું કે લોકોએ પોતાના અધિકારોની રક્ષા માટે લોકશાહી ઢબે જવાબ આપવો જરૂરી છે.

# AAP સાંસદ અશોક મિત્તલ પર EDના દરોડા: પંજાબના રાજકારણમાં ગરમાવો

(એચ.એસ.એલ),ચંડીગઢ,તા.૧૫




એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની ટીમે આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ અને લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી (LPU) ના સ્થાપક અશોક કુમાર મિત્તલના નિવાસસ્થાન અને વ્યાવસાયિક સંકુલ પર દરોડા પાડ્યા છે. જલંધર, ફગવાડા અને ગુરુગ્રામ સહિત અનેક સ્થળોએ આ કાર્યવાહી કરવામાં આવી છે. ફેમા (FEMA) ના કથિત ઉલ્લંઘન અને વિદેશી ભંડોળ સંબંધિત વ્યવહારોની તપાસ માટે EDના અધિકારીઓ દસ્તાવેજોની ચકાસણી કરી રહ્યા છે.

મિત્તલને તાજેતરમાં જ રાજ્યસભામાં ડેપ્યુટી લીડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જેના થોડા જ દિવસોમાં આ કાર્યવાહી થતા રાજકીય ચર્ચાઓ તેજ બની છે.

# પાકિસ્તાનમાં હોસ્પિટલની ગંભીર બેદરકારી, વપરાયેલી સિરીંજથી ૩૦૦થી વધુ બાળકોને HIV

(એચ.એસ.એલ),ઈસ્લામાબાદ,તા.૧૫



પાકિસ્તાનના તોંસામાં આવેલી ટીએચક્યુ (THQ) હોસ્પિટલની ભયાનક બેદરકારી સામે આવી છે, જ્યાં એક જ સિરીંજનો વારંવાર ઉપયોગ કરવાને કારણે ૩૩૧ જેટલા માસૂમ બાળકો HIV સંક્રમિત થયા હોવાનો સનસનાટીભર્યો ખુલાસો થયો છે. બીબીસીની તપાસ મુજબ, હોસ્પિટલનો સ્ટાફ મલ્ટિ-ડોઝ સીશીઓ પર વપરાયેલી સિરીંજનો ફરી ઉપયોગ કરતો અને જંતુરહિત ગ્લોવ્ઝ વિના જ ઈન્જેક્શન આપતો હોવાનું ફૂટેજમાં કેદ થયું છે. આ અસુરક્ષિત તબીબી પદ્ધતિઓને કારણે અનેક બાળકો મોતના મુખમાં ધકેલાયા છે, જેમાં એક ૮ વર્ષના બાળકનું કરુણ મૃત્યુ પણ નિપજ્યું છે.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જો સોય બદલવામાં આવે તો પણ સિરીંજની બોડીમાં રહેલા વાયરસ સંક્રમણ ફેલાવી શકે છે. નવેમ્બર ૨૦૨૪ થી ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન આ આંકડો ચિંતાજનક રીતે વધ્યો હોવાનું ડો. ગુલ કૈસરાનીએ નોંધ્યું હતું. હોસ્પિટલના કાઉન્ટર પર ખુલ્લી શીશીઓ, વપરાયેલી સોય અને તબીબી કચરાનો અયોગ્ય નિકાલ જેવી ગંભીર સ્વચ્છતા ખામીઓ હોવા છતાં, હોસ્પિટલ સત્તાવાળાઓ કોઈ પણ ભૂલનો ઈનકાર કરી રહ્યા છે. આ ઘટનાએ પાકિસ્તાનની આરોગ્ય વ્યવસ્થા અને દર્દીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

# લોકસભાની બેઠકો ૫૪૩થી વધારીને ૮૫૦ કરવાના પ્રસ્તાવ સામે વિપક્ષે બાંયો ચડાવી

નવી દિલ્હી,તા.૧૫

કેન્દ્ર સરકાર દ્વારા લોકસભાની બેઠકો ૫૪૩ થી વધારીને ૮૫૦ કરવાના પ્રસ્તાવ સામે વિપક્ષે બાંયો ચડાવી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને મળેલી મહત્વની બેઠકમાં રાહુલ ગાંધી સહિત વિપક્ષી ગઠબંધનના તમામ દિગ્ગજ નેતાઓએ આ મુદ્દે સરકારનો વિરોધ કરવાનું નક્કી કર્યું છે. વિપક્ષનો મુખ્ય આક્ષેપ છે કે સરકાર મહિલા અનામતનો સહારો લઈને સીમાંકન દ્વારા વિપક્ષી અવાજને દબાવવાનો પ્રયાસ કરી રહી છે. ખાસ કરીને ૨૦૨૬ ના નવા બિલ હેઠળ બેઠકોમાં મોટો વધારો થવાની શક્યતા છે જેમાં ૨૭૩ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ છે. આગામી વિશેષ સત્રમાં જ્યારે સરકાર આ ત્રણેય મહત્વના બિલો રજૂ કરશે ત્યારે સંસદમાં ભારે હોબાળો થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે કારણ કે વિપક્ષ તેને રાજકીય દાવપેચ ગણાવી રહ્યો છે.

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૭૨/૨૦૨૬

અરજદાર :- શ્રી નરોતમભાઈ રામભાઈ સેલાર
રહે.બ્લોક નં.૫૩ રઘુનાથ સોસાયટી લીલીયા રોડ,
તા.જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.માંગવાપાળ, તા. જિ. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના માંગવાપાળ ગામમાં અરજદાર શ્રી નરોતમભાઈ રામભાઈ સેલાર તેઓના પુત્રી ગુલાબબેન નરોતમભાઈ સેલારની જન્મ (તા.૧૨/૦૬/૧૯૮૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# નવાબંદરથી ૧૦ નોટિકલ માઈલ દૂર ફિશિંગ બોટ ડૂબી, ૬ ખલાસીઓનું રેસક્યૂ

ઉના,તા.૧૫

ગીરસોમનાથ જિલ્લાના નવાબંદરથી ૧૦ નોટિકલ માઈલ દૂર દરિયામાં એક ફિશિંગ બોટ ડૂબી જવાની ઘટના બની છે. ભારે પવન અને ઊંચા મોજાંના કારણે બોટમાં પાણી ભરાઈ જતાં આ અકસ્માત સર્જાયો હતો. જોકે, નજીકમાં રહેલી અન્ય બોટોએ ત્વરિત મદદ પહોંચાડી બોટમાં સવાર તમામ ૬ ખલાસીઓને જીવિત બચાવી



લીધા હતા. મીનાબેન અર્જુન બાંભણીયાની માલિકીની ફિશિંગ બોટ 'ક્રિષ્ના સાગર' (GJ ૧૪ MM ૧૯૩૨) ૧૩ એપ્રિલના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ૬ ખલાસીઓ સાથે મધદરિયે માછીમારી માટે નીકળી હતી. ૧૪ એપ્રિલની મોડી રાત્રે જ્યારે બોટ નવાબંદરથી આશરે ૧૦ નોટિકલ માઈલ દૂર હતી, ત્યારે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. દરિયામાં ભારે પવન ફૂંકાવાને કારણે ઉછળેલા જોરદાર મોજાં બોટ સાથે અથડાતા તેમાં પાણી ભરાઈ ગયું હતું અને જોતજોતામાં બોટ દરિયામાં ગરકાવ થઈ ગઈ હતી.

# રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ : આગામી દિવસોમાં આકરા તાપની હવામાન વિભાગે કરી આગાહી

અમદાવાદ,તા.૧૫

વરસાદના તાજેતરના રાઉન્ડ બાદ ગુજરાતમાં ફરીથી અંગ દઝાડતી ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ધોમધખતા તડકા અને ગરમ-ભેજવાળી હવાએ લોકોને ત્રાહિમામ પોકારી ઉઠાવ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ચાર દિવસ સુધી રાજ્યમાં આકરો તાપ જારી રહેશે જેમાં મહત્તમ તાપમાન




૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી જવાની શક્યતા છે. ખાસ કરીને રાજકોટ ૪૨ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું છે જ્યારે અમદાવાદ અને વડોદરામાં પણ તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં અસહ્ય બફારાને કારણે લોકો ભારે અકળામણ અનુભવી રહ્યા છે. જોકે ૧૯ અને ૨૦ એપ્રિલ દરમિયાન સાબરકાંઠા, અરવલ્લી અને દાહોદ સહિતના ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં ગાજવીજ સાથે હળવો વરસાદ પડવાની સંભાવના છે. આ માવઠાથી ગરમીમાં અસ્થાયી રાહત મળી શકે છે પરંતુ ત્યારબાદ તાપમાનમાં ફરી વધારો થવાની વકી છે.

# રાજકોટમાં માતાના પ્રેમીએ જ દિકરી સાથે દુષ્કર્મ આચર્યા બાદ આપઘાત

રાજકોટ, તા.૧૫

રાજકોટમાં વધુ એક સગીરા સાથે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. સગીર દીકરીની માતાના પ્રેમીએ જ સગીરાના જન્મદિવસે



પ્રથમવાર અને બાદમાં અનેક વાર દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. સગીરા તેની માતા અને તેનો પ્રેમી સાથે જ રહેતા હતા. રાત્રિ દરમિયાન સગીરાની માતા સુઈ ગયા બાદ સગીરા સાથે શખ્સ દુષ્કર્મ આચરતો હતો. આ અંગેની પોલીસ ફરિયાદ થતા ડરના કારણે આરોપીએ ઝેરી દવા ગટગટાવીને ગઈકાલે ૧૪ એપ્રિલની સાંજે આપઘાત કરી લીધો હતો.

# વડોદરામાં કોંગ્રેસ ઉમેદવારનું ફોર્મ ખેંચવા બાબતે કાર્યકરો વચ્ચે ધબધબાટી

વડોદરા,તા.૧૫

ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના રણમેદાનમાં આજે ૧૫ એપ્રિલના રોજ ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે રાજ્યભરનું રાજકીય વાતાવરણ અત્યંત ગરમાયું છે. નગરપાલિકા અને પંચાયતની આશરે ૧૦ હજાર જેટલી બેઠકો પર ઉમેદવારીનું આખરી ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે ભાજપ દ્વારા કોઈ 'ખેલ' કરવામાં આવે અથવા ઉમેદવારો પક્ષાંતર કરી ફોર્મ પાછું ખેંચી લે તેવા ભયથી કોંગ્રેસે પોતાના સનિષ્ઠ ઉમેદવારોને



અજ્ઞાત અને સુરક્ષિત સ્થળે ખસેડવાની વ્યૂહરચના અમલી બનાવી છે.રાજ્યના વિવિધ વિસ્તારોમાં ફોર્મ ખેંચવાની પ્રક્રિયા દરમિયાન જબરદસ્ત રાજકીય ડ્રામા અને હિંસક દ્રશ્યો પણ સર્જાયા છે. વડોદરામાં જ્યારે કોંગ્રેસનો ઉમેદવાર ફોર્મ પરત ખેંચવા પહોંચ્યો ત્યારે રોષે ભરાયેલા કાર્યકરોએ ભારે હોબાળો મચાવી ઉમેદવારની કારના કાચ ફોડી નાખ્યા હતા. આવી જ રીતે ડભોઈ તાલુકા પંચાયતમાં ફોર્મ ખેંચવા મુદ્દે ભાજપના ધારાસભ્ય શૈલેષ મહેતા અને કોંગ્રેસના તાલુકા પ્રમુખ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ઝપાઝપી થતા મામલો બિચક્યો હતો.

# અમદાવાદ ગ્રામ્ય SOGનો સપાટો: શીલજમાં હાઈબ્રીડ ગાંજા સાથે બે શખ્સો ઝડપાયા

**પોલીસે કુલ ૯.૦૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી મુખ્ય સપ્લાયરને પકડવા માટે ચક્રો**

અમદાવાદ,તા.૧૫

અમદાવાદ ગ્રામ્ય એસઓજી પોલીસે બાતમીના આધારે શીલજ વિસ્તારમાં દરોડો પાડીને યશ ચૌહાણ અને નીરજ પટેલ નામના બે પેડલરોને ૨૪૫ ગ્રામ હાઈબ્રીડ ગાંજા સાથે ઝડપી લીધા છે. જપ્ત કરાયેલા આ જથ્થાની બજાર કિંમત અંદાજે ૮.૫૭ લાખ રૂપિયા હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે નીરજ પટેલ પાંચ વર્ષ અમેરિકામાં રહીને પરત ફર્યો હતો અને આર્થિક નફાની લાલચમાં સુરતના કેનિલ પટેલ પાસેથી નશીલો પદાર્થ લાવીને બોપલ અને શેલા જેવા વિસ્તારોમાં તેનું છૂટક વેચાણ કરતો હતો. પોલીસે કુલ ૯.૦૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી મુખ્ય સપ્લાયરને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# કોંગ્રેસ-આપના ઉમેદવારોને ભાજપ ધાક-ધમકી આપતુ હોવાની ચૂંટણીપંચને ફરિયાદ

રાજકોટ,તા.૧૫

આગામી ૨૬મી એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે ગુજરાતનું રાજકીય તાપમાન ચરમસીમાએ પહોંચ્યું છે. આજે ઉમેદવારી ફોર્મ ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી પક્ષો વચ્ચે કાવાદાવા તેજ બન્યા છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ સત્તારૂઢ ભાજપ પર ગંભીર આક્ષેપો કર્યા છે કે તેઓ સત્તાનો દુરુપયોગ કરીને ઉમેદવારોનું અપહરણ, નજરકેદ અને ધાક-ધમકી આપી રહ્યા છે. કોંગ્રેસે ચૂંટણી પંચને ૧૨ મુદ્દાઓ સાથે લેખિત રજૂઆત કરી છે, જેમાં પોલીસ તંત્ર ભાજપના એજન્ટ તરીકે કામ કરતું હોવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને ગોંડલ બેઠક પર પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ




જાડેજા અને ગણેશ ગોંડલના નામે વાયરલ થયેલી કથિત ઓડિયો ક્લિપે ભારે ખળભળાટ મચાવ્યો છે. આ ક્લિપમાં કોંગ્રેસના ઉમેદવાર દિનેશ પાતરને ફોર્મ ખેંચવા માટે દબાણ અને વિવિધ લાલચો આપવામાં આવતી હોવાનો ઉલ્લેખ છે. લોકશાહીના આ પર્વમાં જ્યારે જનતાના મતના આધારે પ્રતિનિધિ ચૂંટાવા જોઈએ, ત્યારે ગોંડલ જેવા વિસ્તારોમાં 'મિર્ઝાપુર' જેવી સ્થિતિ સર્જાતા ચૂંટણીની નિષ્પક્ષતા સામે મોટા સવાલો ઊભા થયા છે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં શૌચાલયના મુદ્દે ઉમેદવારોના ઉમેદવારી પત્રક રદ

**અનેક કોંગ્રેસી ઉમેદવારોના ફોર્મ રદ થતા ભાજપના ઉમેદવાર બિનહરીફ વિજેતા**

વડોદરા,તા.૧૫


ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં શૌચાલયના મુદ્દે રાજકીય માહોલ ગરમાયો છે. ચૂંટણી આયોગના નિયમ મુજબ ઉમેદવારના ઘરે શૌચાલય હોવું અનિવાર્ય છે, જેનો લાભ લઈ પ્રતિસ્પર્ધી ઉમેદવારો વાંધા અરજીઓ કરી રહ્યા છે. વડોદરા જિલ્લામાં આ મુદ્દે મોટો ઉલટફેર જોવા મળ્યો છે, જ્યાં કોંગ્રેસના ત્રણ ઉમેદવારોના ફોર્મ રદ થતા ભાજપના ઉમેદવારો માટે જીતનો રસ્તો મોકળો થયો છે. વડોદરા જિલ્લા પંચાયતની રણોલી બેઠક પર કોંગ્રેસના ગીતાબેન ઠાકોરના ઘરે શૌચાલય ન હોવાનું સાબિત થતા તેમનું ફોર્મ રદ કરાયું છે.

આવી જ સ્થિતિ શિનોર અને કરજણ તાલુકા પંચાયતમાં પણ જોવા મળી છે. શિનોર બેઠક પર રમેશ વસાવાએ શૌચાલયના ખોટા કાગળો રજૂ કર્યા હોવાનું તપાસમાં બહાર આવતા તેમનું ફોર્મ નાંજૂર થયું હતું. તેવી જ રીતે કરજણની સામળી બેઠક પર હેમલતાબેન વાસદિયા સામે વાંધો ઉઠાવાતા તેઓ પણ રેસમાંથી બહાર ફેંકાયા છે. આ તમામ બેઠકો પર હવે ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થઈ રહ્યા છે. ચૂંટણી સમયે શૌચાલય જેવા પાયાના મુદ્દે ઉમેદવારોની અયોગ્યતા હાલ સમગ્ર પંથકમાં ભારે ચર્ચાનો વિષય બની છે.

# જામનગર ભાજપમાં ટિકિટ ફાળવણીને લઈ આંતરિક અસંતોષ : પ્રધાનમંત્રીને પત્ર લખ્યો

જામનગર,તા.૧૫

જામનગર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે ભાજપમાં ભયાનક આંતરિક અસંતોષ ફાટી નીકળ્યો છે. મનપાની ૫૬ બેઠકો પૈકી ૨૧ બેઠકો પર કોંગ્રેસ, આપ અને શિવસેનામાંથી આવેલા આયાતી નેતાઓને ટિકિટ અપાતા મૂળ કાર્યકરોમાં ભારે રોષ જોવા



મળી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહને પત્ર લખીને કાર્યકરોએ પક્ષની વિચારધારા સાથે છેડા થયા હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. ૧૮ પૂર્વ કોંગ્રેસીઓને પ્રાધાન્ય મળતા વફાદાર સૈનિકોએ 'નવા પરિવારવાદ' સામે બંડ પોકાર્યું છે. શિસ્તબદ્ધ ગણાતા પક્ષમાં હવે સત્તાવાર યાદીઓ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે જે આગામી સમયમાં મોટા ભડકાના સંકેત આપે છે.

# અમદાવાદમાં ફોર્મ ખેંચવા બદલ કોંગી ઉમેદવારને ધમકી સાથે ૨૫ લાખની ઓફર

અમદાવાદ,તા.૧૫

અમદાવાદમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. રામોલ-હાથીજણના કોંગ્રેસ ઉમેદવાર બીના મોદીએ ભાજપના પૂર્વ કોર્પોરેટર મૌલિક પટેલ પર ફોર્મ પરત ખેંચવા માટે ૨૫ લાખ રૂપિયાની ઓફર અને ધમકી આપ્યાનો ગંભીર આક્ષેપ કર્યો છે. આ ઉપરાંત જોધપુર અને ચાંદલોડિયાના ઉમેદવારોએ પણ ભાજપ દ્વારા સામાજિક દબાણ અને લાલચ આપવામાં આવતી હોવાની રજૂઆત પ્રદેશ કાર્યાલય ખાતે કરી છે. ભાજપ પોતાની સંભવિત હારના ડરથી આ પ્રકારના હથકંડા અપનાવી રહ્યું હોવાનું કોંગ્રેસી ઉમેદવારો માની રહ્યા છે જોકે તમામ ઉમેદવારોએ મક્કમતાથી ચૂંટણી લડવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.

# જામકંડોરણામાં લૂંટના ઈરાદે વૃધ્ધાની હત્યાથી ખળભળાટ

રાજકોટ,તા.૧૫

જામકંડોરણામાં વૈભવનગર ખાતે એકલા રહેતા વૃદ્ધા લીલાબેનની અજાણ્યા શખ્સોએ ગળે ફાંસો આપી હત્યા કરી છે. રાત્રિના સમયે ચોરીના ઈરાદે ઘૂસેલા તત્વોએ વૃદ્ધા જાગી જતાં આ હિંસક પગલું ભર્યું હતું અને લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. મૃતક સ્થાનિક સરપંચના ભાભી હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે સીસીટીવી



ફૂટેજ અને એફએસએલની મદદથી તપાસ તેજ કરી છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભય અને શોકનો માહોલ જોવા મળી રહ્યો છે અને આરોપીઓને વહેલી તકે પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.







